જીવન સફળતાનો મંત્ર

# શિક્ષણ

સદ્વિચાર પરિવાર હીરક મહોત્સવ
પ્રકાશન શ્રેણી-૧૫



-: પ્રકાશક :-
સદ્વિચાર પરિવાર
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે
ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

# આમુખ

સદ્દવિચાર પરિવારના સાઈઠમાં વર્ષે પ્રગટ થતી ગ્રંથવાળામાં આ પુસ્તક અનેક વિષયના જ્ઞાનને સાવ સાદી ભાષામાં આપે છે. જેમ કે વડીલોની પિતાની પુત્રને શિખામણ હોય કે તમારા પુત્ર માટે જીવનના સોનેરી સૂત્ર હોય કે પછી સુખી જીવન માટે કાળજી રાખીએ. છેલ્લા ૬૦ વર્ષથી સેવાના ક્ષેત્રમાં ખૂબ મોટો ફાળો આપનાર સદ્દવિચાર પરિવારની અનેકવિધ પ્રવૃત્તિઓ સમાજમાં નોંધપાત્ર પરિવર્તન અને ઉત્થાનમાં ફાળો આપી રહ્યું છે.

પુસ્તકનો ધ્યેય જ ઉર્ધ્વગામી જીવનની પ્રેરણા આપવાનો છે. આ નાનકડી પુસ્તિકાઓ લોકોને વાંચતા કરશે. વાંચન ટેવ પાડશો તો સમાજના સંસ્કારના સ્તરને ઊંચું લઈ જવામાં જરૂરથી ફાળો આપી શકાશે.

પ્રજા જીવનમાં સારા વાંચનની પ્રસાદી પીરસવાના શુભ ધ્યેયથી આ પુસ્તકોનું સર્જન અને સંકલન કરવામાં આવ્યું છે. સદ્દવિચાર પરિવારના સ્થાપક અને લોકસેવાના આજીવન ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા આ સંસ્થાની શરૂઆત એ સૂત્ર મુજબ કરવામાં આવી હતી કે શુભ વિચારો અને સારા (સેવાના) કાર્ય કરો. સંસ્થાની હિરક મહોત્સવની ઉજવણી સાર્થક રીતે કરવા માટે આ પ્રકાશન શ્રેણીનો પ્રારંભ કર્યો છે વાંચનની ઘટતી જતી ટેવના વાતાવરણમાં આ કાર્ય સામે પ્રવાહે તરવા જેવું કઠિન છે. અમને પૂરતી શ્રદ્ધા છે કે આ સુવાચનની ટેવ સૌને પડશે અને સમાજમાં સદકાર્યોની સુનામી આવશે.

**- પ્રવીણ ક. લહેરી**

(Retd. IAS, પૂર્વ ચીફ સેકેટરી, ગવર્નમેન્ટ ઓફ ગુજરાત)

મેનેજિંગ ટ્રસ્ટી

સદ્દવિચાર પરિવાર

# જીવન સફળતાનો મંત્ર
# "શિક્ષણ"
## સદ્‌વિચાર પરિવાર હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૧૫


-: પ્રકાશક :-

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

Website: www.sadvicharparivar.org • E-mail: sdparivar.org@gmail.com

● સદ્‌વિચાર પરિવારના હીરક મહોત્સવ નિમિત્તે પ્રકાશિત

● પ્રકાશક :

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત

E-mail: sdparivar.org@gmail.com

Website: www.sadvicharparivar.org

● પ્રત : ૧૦૦૦

● મૂલ્ય : રૂ. ૩૫/-

● આવૃત્તિ : પ્રથમ

● વર્ષ : ૨૦૨૬

● મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**

આંબાવાડી બજાર, અમદાવાદ-૩૮૦૦૦૬

● **વિતરણ વ્યવસ્થા : સદ્‌વિચાર પરિવાર**

આપનાં સ્નેહી-સ્વજનોને આ ઉપયોગી પુસ્તક આપવું હોય તો શ્રી મિતેષ શાહના મોબાઈલ નંબર : ૯૪૨૭૬૩૧૩૧૩ પર તેમના નામ-સરનામા અને સંપર્ક નંબરની જાણ કરશો.

આ પુસ્તક બાબતે આપનો અભિપ્રાય અથવા સૂચન હોય તો આપ અમને આ ઈ-મેઈલ sdparivar.org@gmail.com અથવા ૯૦૨૩૯૧૪૪૦૫ ઉપર વિગત મોકલી આપશો.

# સદ્વિચાર પરિવારઃ માનવ સેવાનું સરનામું

શ્રી હરિભાઈ પંચાલ, શ્રી ચંદુભાઈ પ્રજાપતિ અને શ્રી જીતુભાઈ પટેલની સેવાભાવી ત્રિપુટીએ સ્થાપેલ ‘સદ્વિચાર પરિવાર’ વર્ષ ૨૦૨૫માં તેની સેવા યાત્રાનાં ૬૦ વર્ષ પૂરાં કર્યા. શ્રી હરિભાઈ પંચાલ દ્વારા સમાજમાં સદ્વિચાર પ્રસરે તે માટે ‘સુવિચાર’ (માસિક)ના પ્રકાશન સાથે અનેક સમાજોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ત્રણસો કરતાં વધારે પુસ્તકો પ્રકાશિત કરી ગુજરાતના લોકોના સંસ્કાર-ઘડતરમાં અને ગુજરાતની અસ્મિતા ઉજાગર કરવામાં શ્રી હરિભાઈ પંચાલ સાથે અનેક સિદ્ધહસ્ત લેખકોએ જે અનન્ય પ્રદાન કર્યું છે તેને હીરક મહોત્સવ પ્રસંગે અંજલિ આપવા માટે આમાંનાં પસંદ કરેલાં પુસ્તકોને પુનઃ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ‘સુવિચાર’ના તમામ ગ્રાહકોને બે પુસ્તકો આ પ્રસંગે નિઃશુલ્ક મોકલવામાં આવશે. આશા રાખીએ છીએ કે અમારા સૌ આજીવન સભ્યો, ‘સુવિચાર’ના વાચકો-દાતાઓ અને શુભેચ્છકોને અમારો આ પ્રયાસ પસંદ આવશે.

**સદ્વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**


- પ્રવીણ ક. લહેરી — મેનેજિંગ ટ્રસ્ટી
- શૈલેશ આઈ. પટવારી — સહમંત્રી
- જિતેન્દ્ર બી. પંચાલ — કોષાધ્યક્ષ
- કે. આર. સિંઘ — ટ્રસ્ટી
- નીના મધુસૂદન શાહ — ટ્રસ્ટી
- પ્રતીક્ષાબહેન લહેરી — ટ્રસ્ટી
- અપૂર્વભાઈ ઠાકરશી — ટ્રસ્ટી
- હિરેનભાઈ સવાઈ — ટ્રસ્ટી
- અનુજ અમિત અંબાલાલ — ટ્રસ્ટી
- ધ્રુવ પ્રકાશભાઈ શાહ — ટ્રસ્ટી
- પથિક શૈલેશભાઈ પટવારી — ટ્રસ્ટી

ગુજરાતના અનોખા આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં સ્થપાયેલ 'સદ્‌વિચાર પરિવાર'નો લગભગ છેલ્લાં ૬૦ વર્ષનો ભાતીગળ ઈતિહાસ છે. અનેક મૌલિક વિચારો નવી પહેલ અને પરિવર્તનશીલ સમાજની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા માટે સદ્‌વિચાર પરિવારે હંમેશાં સંવેદના સાથે કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

મૂળભૂત રીતે 'જે સારું વિચારશે તે સારું કરશે' તે સૂત્રમાં શ્રદ્ધા સાથે સમાજમાં સૌના દિલમાં સેવાનો દીવડો પ્રગટે તે માટે હરિભાઈએ ૩૦૦થી વધારે પુસ્તકો છપાવીને વિતરણ કર્યું. દર મહિને સદ્‌વિચારનું મુખપત્ર 'સુવિચાર' આજે ૧૦,૦૦૦ જેટલા પરિવારમાં નિયમિત વંચાય છે. 'સુવિચાર'ના ગ્રાહકો અને વાચકો જ અમારા દાતાઓ છે. તેમના સહયોગથી આજે 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા અનેકવિધ સેવાઓ આપી રહી છે.

**'સદ્‌વિચાર પરિવાર'ની વિવિધ પ્રવૃત્તિઓ**

૧. જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨. માનસિક આરોગ્ય કેન્દ્ર દ્વારા માનસિક અશાંતિ અને હતાશા દૂર કરવા અદ્યતન સારવાર આપવામાં આવે છે.

૩. આજના યુગની જરૂરિયાત પ્રમાણે કમ્પ્યૂટરમાં પ્રાથમિક અને એડ્‌વાન્સ કોર્સ દ્વારા કોઈ પણ ઉંમરની વ્યક્તિને કમ્પ્યૂટર સંચાલન માટે સુસજ્જ કરવામાં આવે છે.

૪. આંજનેય રીડિંગરૂમમાં ૨૫૦ જેટલાં યુવાન-યુવતીઓ સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે.

૫. 'સદ્‌વિચાર પરિવાર'ના સ્થાપક અને આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલની પુણ્ય સ્મૃતિમાં સેવા ક્ષેત્રે સંપૂર્ણ સમર્પણ સાથે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ૬થી ૧૦ જાન્યુઆરીના પાંચ દિવસો દરમિયાન 'મનનો જમણવાર' યોજીને સમાજની વિવિધ પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરી તેમનાં વક્તવ્ય

યોજવામાં આવે છે.

૬. **અન્નદાન મહાદાન :** સંત પુનિત ખીચડી પ્રસાદ દ્વારા ૧૦૦ જેટલી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવે છે.

૭. ડો. શિલિનભાઈ શુક્લની સ્મૃતિમાં દર મહિનાના બીજા રવિવારે આરોગ્ય વિષયક પ્રવચન દ્વારા નિષ્ણાત ડોક્ટરો રોગથી બચવા અને જરૂર જણાય તો યોગ્ય સારવાર લેવા માટે માર્ગદર્શન આપે છે.

૮. આજના સમયની તાતી જરૂરિયાતના સંદર્ભે 'સદ્‌વિચાર પરિવાર' સિનિયર સિટીઝન-વડીલો માટે છેલ્લાં પાંચ વર્ષથી કાર્યરત છે. સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રૂપ, ૬૦થી વધુ ઉંમરના સિનિયર સિટીઝન-વડીલો અરસપરસ હળી-મળી આનંદ કરી જીવનસંધ્યાને ઉત્સવરૂપ બનાવી શકે તે માટે ૩૨૫થી વધુ સભ્યો ધરાવતું આ ગ્રૂપ કાર્યરત છે, જેઓ 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાંગણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ભેગા મળી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તેમના સ્વાસ્થ્ય માટે સમયાંતરે વિવિધ ચેકઅપ કરવામાં આવે છે.

૯. **શ્રી હરિ ડાઈનિંગ હોલ :** શ્રી દિશા ફાઉન્ડેશન પ્રેરિત આ ભોજનાલય તરફથી દરરોજ ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ઘેરબેઠાં ટિફિન તેમજ ૬૦૦ જેટલી વ્યક્તિઓ ભોજન અને નાસ્તાની સુવિધાનો લાભ લે છે.

૧૦. **મદનમોહન રમણલાલ હોલ :** ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા આ હોલને ચાર કલાકના ધોરણે સાઉન્ડ સિસ્ટમ, ખુરશી, એરકન્ડિશન જેવી તમામ સુવિધા સાથે સામાજિક-ધાર્મિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૧૧. મેઘમણી ગ્રૂપના સૌજન્યથી સ્વજનની અંતિમયાત્રા માટે અદ્યતન 'મોક્ષવાહિની'ની સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

૧૨. **સ્વજનના મૃત્યુ પ્રસંગે :** વિદેશ વસતાં સંતાનોની અંતિમ સંસ્કારમાં હાજરીની રાહ જોતા પરિવારો માટે એરકન્ડિશન કોફિનની સેવા ઉપલબ્ધ છે.

૧૩. **વડીલોનાં અસ્થિનું વિસર્જનઃ** ચાણોદ-નર્મદા નદી અથવા હરિદ્વાર-ગંગા નદીમાં વિસર્જન માટે અસ્થિ સ્વીકારવામાં આવે છે.

૧૪. **જન-જનને ભોજન:** દાતાઓના સહયોગથી સેંકડો લાભાર્થીઓને દરરોજ દાળ-ભાત, શાક અને રોટલીનું ભોજન નિ:શુલ્ક પૂરું પાડવામાં આવે છે.

૧૫. મહિલા ઉત્કર્ષ કેન્દ્ર તરફથી સફળ મહિલાઓના સન્માન, મહિલાઓમાં જાગૃતિ અને તેમના સશક્તીકરણ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી ૧૫૦૦ + બહેનોને સીવણ, કમ્પ્યૂટરમાં સરકાર માન્ય CCC, ટેલિ, બેકરી, બ્યુટી પાર્લર માટેના બેઝિક અને એડ્વાન્સ લેવલના કોર્સ કરી સમાજમાં પોતાનું ગમતું અને જરૂરિયાત અનુલક્ષીને કાર્ય કરીને આગળ વધવામાં 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા સહાયભૂત બની રહી છે.

૧૬. ગાંધીનગરના ઉવારસદ ખાતે સદ્‌વિચાર પરિવાર સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્ર ખાતે ૨૦૦ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળા આવેલ છે. દિવ્યાંગો માટે તેમની શક્તિનું નિદર્શન થાય તેવા કાર્યક્રમો પણ સાથે યોજવામાં આવે છે.

૧૭. 'સદ્‌વિચાર પરિવાર' મેક એ ડિફરન્સ સંસ્થાના સહયોગથી સવાસો જેટલા અતિગરીબ પરિવારનાં બાળકોને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૮. અમદાવાદના નરોડા ખાતે 'સદ્‌વિચાર પરિવાર હરગોવનદાસ પ્રભુદાસ આંખની હોસ્પિટલ' આવેલ છે, જેમાં દર્દીનાં મોતિયાનાં અદ્યતન ટોપિકલ પદ્ધતિથી ફેંકો મશીન દ્વારા લેન્સ મૂકીને ઓપરેશન ખૂબ જ નજીવા દરે કરવામાં આવે છે.

૧૯. 'સદ્‌વિચાર પરિવાર'ની મણિનગર વિસ્તારમાં આવેલી શાખામાં ફિઝિયોથેરાપી સેન્ટર આવેલ છે. એલ.જી. હોસ્પિટલ, મણિનગર ખાતે ખીચડી વિતરણનો સવાર-સાંજ અંદાજે ૩૦૦ વ્યક્તિઓ લાભ લે છે. દરરોજ સાંજે બહારગામના ૨૦ દર્દીઓનાં સગાંઓને ટિફિન સેવા, એલ.જી. હોસ્પિટલમાં દરરોજ સવારે અને સાંજે મફત દવાઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યક્તા બહેનોને દર મહિને અનાજ સહાય, બીમાર દર્દીઓ માટેની માવજતનાં સાધનો, લગભગ ૨૫ પ્રકારનાં ડિપોઝિટ લઈ ઓછા ભાડે, હોસ્પિટલ બેડ, વ્હીલચેર, ઓક્સિજન કોન્સન્ટ્રેટર, સક્શન મશીન, બાયપેપ તથા સીપેપ સુધીનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

૨૦. **શુભમ્ હોલ :** સંસ્થાના સહયોગથી બે કલાકની સંપૂર્ણ વૈદિકવિધિ સાથે લગ્ન તેમજ તેના રજિસ્ટ્રેશન અંગેની તમામ કાર્યવાહી કરવામાં આવે છે. 'સદ્વિચાર પરિવાર'નાં રામદેવનગર અને નરોડા બંને સેન્ટર ઉપર આ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨૧. સદ્વિચાર પરિવાર 'પરિણય મેરેજ બ્યૂરો' સાથે રહીને આજના સમયની બદલાતી સ્થિતિ અનુસાર જીવનસાથીની શોધ માટે મેરેજ બ્યૂરોની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

૨૨. **ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન-સિનિયર સિટીઝન, વડીલો માટે આરોગ્ય વિષયક સેવાઓઃ** આ પ્રવૃત્તિ કરતાં સમાજની આજની સ્થિતિ જોતાં અમને અનુભવે જણાયું કે પથારીવશ વડીલો, વિદેશમાં સંતાનો હોય અને તેમનાં માતા-પિતા એકલાં રહેતાં હોય, પોતાના પાત્રનું મૃત્યુ થતાં એકલા અને બીમાર પથારીવશ થતા વડીલો એમ એવા કેટલાય વડીલોની આરોગ્ય વિષયક કાળજી માટેનું સ્થળ એટલે સદ્વિચાર પરિવારનું ચાર માળનું 'ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન'. જ્યાં વડીલો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે અદ્યતન ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ, જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨૩. વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર ૪૬ બેડ્સની ક્ષમતા સાથે ઉપલબ્ધ છે. આંખોના જતન માટે કોમ્યુનિટી આંખની હોસ્પિટલ તેમજ હેલ્થ કેર સહાય માટે તાલીમ કેન્દ્ર, વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, મહિલાઓ માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, બાળકો માટે ક્લિનિક, જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક અથવા ખૂબ નજીવા દરે દવાખાનું, માનસિક આરોગ્ય ક્લિનિક, કોન્ફરન્સ હોલ, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા 'ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન'માં આવેલ છે.

૨૪. દર શુક્રવારે તમામ બહેનો માટે સંપૂર્ણ શારીરિક તપાસ સંબંધિત વિષયોના નિષ્ણાત ડોક્ટરો દ્વારા કરી આપવામાં આવે છે. આ સાથે બ્રેસ્ટ કેન્સરની પ્રિવેન્શન તપાસ પણ કરવામાં આવે છે. આરોગ્ય સંકુલ મારફત સરેરાશ મહિનાના ૧૧૫૦થી વધુ ઓપીડી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે

છે. વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન અને સારવારની સુવિધા ખૂબ જ વાજબીદરે ઉપલબ્ધ છે.

૨૫. **જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ કોર્સઃ** ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ સર્ટિફિકેટ કોર્સ નિઃશુલ્ક રીતે અમારા અનુભવી ડોક્ટરો તથા ટ્રેઈનરો દ્વારા વર્ગશિક્ષણ તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. ત્રણ મહિનાની તાલીમ બાદ પેઈડ ઇન્ટર્નશિપની જોગવાઈ તેમજ રોજગાર મેળવવામાં પણ સહાય આપવામાં આવે છે.

૨૬. ‘સદ્‌વિચાર પરિવાર’ સંચાલિત ચીનુભાઈ આર. શાહ કમ્પ્યૂટર એન્ડ લેંગ્વેજ એકેડેમીમાં ભારતીય અને વિદેશી ભાષા શિખવાડવામાં આવે છે, જેવી કે ગુજરાતી, સંસ્કૃત, સ્પેનિશ, અંગ્રેજી, ઇટાલિયન, ફ્રેન્ચ, જર્મન, રશિયન વગેરેના તાલીમવર્ગો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમ થકી અનુભવી ફેકલ્ટી દ્વારા શિખવાડવામાં આવશે, જેનો તમે લાભ લઈ શકશો.

૨૭. ‘સદ્‌વિચાર પરિવાર’ના પ્રાંગણમાં સોમવારથી શનિવાર દરરોજ સાંજના છ થી સાત વાગ્યા દરમિયાન ભાઈઓ બહેનો માટે યોગના વર્ગો નિયમિત રીતે ચાલે છે, જેમાં આપ સૌ લાભ લઈ શકશો.

૨૮. હોમ હેલ્થ કેર વાન સર્વિસની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવાઈ છે, જેમાં જે વડીલો હોસ્પિટલ આવી શકતા ન હોય અથવા ઘરેથી સારવાર મેળવવી હોય તેવા વડીલો માટે પ્રાથમિક આરોગ્ય તપાસ અને કાળજી પૂરી પાડી શકાય તેવા શુભાશયથી હોમ હેલ્થ કેર વાનની સેવા ઉપલબ્ધ છે.

૨૯. તેજસ્વી-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે યોગ્ય રકમ લોન-સહાય તરીકે આપવા માટે દક્ષાબહેન પંકજભાઈ શાહ એજ્યુકેશન ફંડ (શિક્ષણનિધિ)માંથી આપવામાં આવે છે.

૩૦. જે દાતાશ્રીઓ દ્વારા સ્વજનની સ્મૃતિમાં રૂપિયા એક લાખ કે તેથી વધારે રકમનું દાન આપવામાં આવશે તેમની ઈચ્છા મુજબ મુખ્ય કચેરીની તકતીમાં નામ લખી ‘સદ્‌વિચાર પરિવાર’નું આજીવન સભ્યપદ આપવામાં આવશે. ‘સુવિચાર’ના ગ્રાહકોનો મોકલવામાં આવેલા લવાજમ માટે નામ સાથે આભાર પ્રગટ કરવામાં આવશે.

૩૧. સદ્‌વિચાર પરિવારના ઉવારસદ ખાતે આવેલ શ્રીમતી સવિતાબેન હસમુખલાલ કૌશલ્ય નિર્માણ કેન્દ્રમાં કુલ સાત કોર્સ, જેવા કે ૧. બ્યુટી પાર્લર,

૨. બેકરી, ૩. ઈલેક્ટ્રિક વાયરિંગ, ૪. રેફ્રિજરેટર, ૫. કોમ્પ્યૂટરમાં CCC અને ટેલિ, ૬. ઈન્સ્ટ્રિયલ સીવણ, ૭. કન્ઝ્યુમર સર્વિસ અને રિટેલિંગનો કોર્સ ગાંધીનગર અને આસપાસના વિદ્યાર્થીઓ-બહેનો માટે ખૂબ જ નજીવા દરે પોતાની સ્કિલને ડેવલપ કરવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૩૨. સદ્‌વિચાર પરિવાર સેટેલાઈટ ખાતે રેડ ક્રોસના સહયોગથી પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સાથે પેથોલોજી લેબોરેટરીની સેવા રાહતદરે ઉપલબ્ધ છે, જેના થકી વિવિધ પ્રકારના રિપોર્ટ્સની સુવિધા અત્યાધુનિક ઈક્વિપમેન્ટ દ્વારા અને નિષ્ણાત તથા ટેક્‌નિકલ સ્ટાફ દ્વારા ઉપલબ્ધ છે, સાથે સ્ટોરમાં ૨૧૦૦ કરતાં વધુ જેનરિક દવાઓ તથા ૧૫૦થી વધુ સર્જિકલ ઉપકરણો બજારભાવ કરતાં અંદાજે ૫૦% થી ૯૦% કરતાં ખૂબ સસ્તા ભાવમાં સર્વે નાગરિકો માટે ઉપલબ્ધ છે.

આ વિવિધ સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ ઉદ્દેશ સાથે આ સેવાની ધૂણી જેમણે પ્રજ્વલિત કરી છે એવા 'સદ્‌વિચાર પરિવાર'ના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની મૂલ્યનિષ્ઠ વિચારધારા ઉપર અવલંબિત સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણશ્રીઓ પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

**અમારી સેવાઓ અંગે વધુ માહિતી માટે**

તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબર: ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો.

વધુ માહિતી માટે અમારી Website: www.sadvicharparivar.orgની મુલાકાત પણ લેતા રહેશો.

આ પુસ્તક આપ સૌને ઉપયોગી થઈ શકે એ ભાવના સાથે 'સદ્‌વિચાર પરિવાર'ની સ્થાપનાના ૬૦મા વર્ષની ઉજવણી એવા ષષ્ટી પર્વના ભાગરૂપે પુસ્તકમાં રહેલા વિચારભાવને અમે આપની સમક્ષ આ પુસ્તકરૂપે પ્રકાશિત કરી રહ્યા છીએ.

## સદ્‌વિચાર પરિવાર

| ક્રમ | વિગત | ક્રમ | યોજનાનું નામ | દૈનિક/ માસિક | દાનની જરૂરિયાત | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | અન્નદાન મહાદાન | ૧ | સંત પુનિત ખીચડી પ્રસાદ | દૈનિક | ૧૫૦૦/- | ૧૨૫ |
| ૨ | | ૨ | જન-જનને ભોજન | દૈનિક | ૪૫૦૦/- | ૧૫૦ |
| ૩ | | ૩ | જરૂરિયાતમંદ પરિવારોને રાશન યોજના | માસિક | ૩૫૦૦/- | ૪૦ |
| ૪ | | ૪ | ઉવારસદ દિવ્યાંગ બાળકો માટે સાદું ભોજન | એક ટંકના | ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૫ | | ૫ | ઉવારસદ દિવ્યાંગ બાળકો માટે મિષ્ટાન્ન સાથે ભોજન | એક ટંકના | ૧૨,૦૦૦/- | ૯૫ |
| ૬ | | ૬ | ઉવારસદ દિવ્યાંગ બાળકો માટે સવારનો ચા-નાસ્તો | એક ટંકના | ૩૦૦૦/- | ૯૫ |
| ૭ | | ૭ | ઉવારસદ દિવ્યાંગ બાળકો માટે બપોરનો નાસ્તો | એક ટંકના | ૨૦૦૦/- | ૯૫ |
| ૮ | | ૮ | રીડિંગરૂમના વિદ્યાર્થીઓ માટે ભોજન સહાય | એક ટંકના | ૭૦/- | ૧૧૦ |
| ૯ | વિદ્યાભ્યાસ | ૧ | વિદ્યાર્થીઓ માટે ગણવેશ (એક વિદ્યાર્થી માટે) | બે જોડ | ૧૦૦૦/- | ૯૫ |
| ૧૦ | | ૨ | નોટબુક - સ્ટેશનરી | વિદ્યાર્થીદીઠ | ૫૦૦/- | ૯૫ |
| ૧૧ | | ૩ | દફતર | વિદ્યાર્થીદીઠ | ૩૦૦/- | ૯૫ |
| ૧૨ | | ૪ | દિવ્યાંગ વિદ્યાર્થી માટે ટ્રાઈસિકલ | વિદ્યાર્થીદીઠ | ૧૧,૦૦૦/- | ૯૫ |
| ૧૩ | | ૫ | દિવ્યાંગ વિદ્યાર્થીઓને રમત-ગમત અને સંગીતનાં સાધનો (લિસ્ટ કચેરીમાંથી મળશે) | | ૨૦૦૦થી ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૧૪ | | ૬ | કોમ્પ્યુટર સહાય | | ૩૫,૦૦૦/- | |
| ૧૫ | ગૌશાળા | ૧ | ગૌશાળાની એક ગાય દત્તક | | ૩૧,૦૦૦/- | |
| ૧૬ | | ૨ | એક દિવસનો ઘાસચારો | દૈનિક | ૧૧૦૦/- | |
| ૧૭ | કૉમ્યુનિટી હૉલ | ૧ | ચાર કલાકના ભાડા સાથે એ.સી., ખુરશી, માઈક સ્પીકર સાથે સગવડ | | ૨૦,૦૦૦/- | ૧૫૦ |
| ૧૮ | સેવા સદન | ૧ | વડીલ માવજત કેન્દ્ર અંતર્ગત ૪૦ બેડની વ્યવસ્થા સાથે માટેની રહેવાની તથા મેડિકલ સુવિધા | દૈનિક | ૫૫૦/- | ૪૦ |
| ૧૯ | | ૨ | વડીલો માટે ભોજન | એક ટંકના | ૯૦/- | |

# અનુક્રમણિકા


| ક્રમ નંબર | શીર્ષક | પાના |
|---|---|---|
| ૧. | તમારું બાળક અને ભણતરનો ભાર | ૧૩ |
| ૨. | શિક્ષકને સન્માન | ૧૮ |
| ૩. | તમામ શાળામાં આટલું થાય તો ? | ૧૯ |
| ૪. | પરીક્ષા વખતે બાળકને આપો મનોવૈજ્ઞાનિક સપોર્ટ | ૨૦ |
| ૫. | કોઈપણ પરીક્ષા આપતાં પહેલાં આટલું જરૂર વાંચો | ૨૨ |
| ૬. | શિક્ષકનો વિદ્યાર્થીને પત્ર | ૨૩ |
| ૭. | સ્લો લર્નર પ્રિયાંશુ | ૨૫ |
| ૮. | મારો શૈક્ષણિક અનુભવ. | ૨૮ |
| ૯. | શિક્ષણ નીતિ અને શિક્ષણનું બજેટ<br>હાથીના દાંત - ચાવવા અને બતાવવાના જુદા જુદા : | ૩૦ |
| ૧૦. | ભારતીય શિક્ષણમાંથી શ્રમની બાદબાકી : પરિણામો | ૩૨ |
| ૧૧. | ઈતર વાંચનમાં વિવેકની જરૂર | ૩૯ |
| ૧૨. | શિક્ષણમાં સરકારની ભૂમિકા શું હોવી જોઈએ ?<br>તે અંગે જુદાં જુદાં મંતવ્યો પ્રવર્તે છે | ૪૩ |
| ૧૩. | વિદેશ જવાનો અભરખો શા માટે ? | ૪૪ |
| ૧૪. | આપણી શિક્ષણ પ્રણાલીમાં રિસર્ચ માટે કોઈ જગ્યા નથી | ૪૬ |
| ૧૫. | જો આપણું શિક્ષણ આવું હોય તો...!? ઘાતક પરીક્ષાઓ હટાવો | ૪૭ |
| ૧૬. | મારો શૈક્ષણિક અનુભવ. | ૫૪ |


सद्विचार परिवार
સદ્‌વિચાર પરિવાર
કાળજીથી સેવા... પ્રેમથી માનવતા...
માનવસેવા એ જ ઈશ્વર સેવા
જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ (GDA)
તાલીમ કાર્યક્રમ
આપણા દેશમાં લોકોની સરેરાશ આયુષ્ય મર્યાદા સતત વધી રહી છે. પરિણામે 60 વર્ષ કે તેથી વધુ ઉંમરના વડીલોની સંખ્યા પણ વધી રહી છે. વિવિધ બીમારીઓ, લકવા, અકસ્માતો અથવા અન્ય કારણોસર પથારીવશ થયેલા દર્દીઓની દૈનિક સંભાળ અને પ્રાથમિક સેવા માટે પ્રશિક્ષિત જનરલ ડ્યુટી આસિસ્ટન્ટ (GDA)ની જરૂરિયાત સતત વધી રહી છે
સેવાનો સંસ્કાર અમારી ઓળખ
શું તમે પરાધીન દર્દીની સેવા કરવા ઈચ્છો છો?
જો તમને પરાધીન દર્દીઓ અને વડીલોની સેવા કરવાનો આંતરિક ભાવ હોય, તો આ તાલીમ તમારા માટે ઉત્તમ તક છે.
સદ્‌વિચાર પરિવાર દ્વારા અત્યાર સુધીમાં 500 થી વધુ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી છે અને અનેક તાલીમાર્થીઓ રોજગારી પ્રાપ્ત થઈ છે.
તાલીમની વિગતો
કોર્સનો સમયગાળો : 3 મહિના
કોણ જોડાઈ શકે : ભાઈઓ અને બહેનો – 18 વર્ષથી વધુ ઉંમરના ઉમેદવારો
પ્રશિક્ષણનો પ્રકાર : પ્રેક્ટિકલ આધારિત તાલીમ
હાજરી : ઓછામાં ઓછી 90% હાજરી ફરજિયાત
પ્રમાણપત્ર : તાલીમ પૂર્ણ કરી પરીક્ષા પાસ કર્યા બાદ L. J. University માન્ય પ્રમાણપત્ર આપવામાં આવશે.
આ તાલીમનાં વિશેષ લાભો
નોકરીમાં 4 કલાકની ફરજ માટે આશરે ₹12,000 થી ₹15,000 અથવા તેથી વધુ મહેનતાણું મેળવી શકાય છે.
વધુ સમય કામ કરવા પર વધારાનું મહેનતાણું પણ મળી શકે છે.
પથારીવશ દર્દીને પોતાના વડીલ સમજીને તેમની સેવા કરવી એ માત્ર રોજગાર નથી, પરંતુ માનવસેવાનું પવિત્ર કાર્ય છે.
નાની-મોટી જરૂરિયાતોની યોગ્ય સંભાળ અને પ્રાથમિક સેવા આપવા માટે યોગ્ય તાલીમ ખૂબ જ જરૂરી છે.
પ્રવેશ માટે આજે જ સંપર્ક કરો
તાલીમમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ નીચેની માહિતી 9898377700 નંબર પર WhatsApp દ્વારા મોકલવી.
નામ
મોબાઈલ નંબર
ઉંમર
શૈક્ષણિક લાયકાત
સેવા એ જીવનનો શ્રેષ્ઠ ધર્મ છે...
તાલીમ સ્થળ
સદ્‌વિચાર પરિવાર
ડૉ. કે. આર. શ્રોફ સેવા સદન,
રામદેવનગર BRTSની સામે, ISRO Road,
સેટેલાઈટ, અમદાવાદ – 380015, ગુજરાત.
અમારી સેવાઓ
સ્થાન માટે સ્કેન કરો
સમાજ માટે સેવા કરીએ
9898377700
www.sadvicharparivar.org
svpsevasadan@gmail.com

# ૧. તમારું બાળક અને ભણતરનો ભાર

**ભાર વગરના ભણતર અંગે આગવા અભિગમથી રજૂ થયેલ બાલસાહિત્યકાર શ્રી યશવંત મહેતા અને ગાર્ગીબહેનના વિચારોને સમજીએ.**

નિબંધકાર લૅન્ડોરે લખ્યું છે : આપણે ઘણીવાર તો અમુક વાતો એટલા માટે બોલીએ છીએ કે એ રૂપાળી લાગે છે; બાકી એ બોલતાં પહેલાં બહુ વિચાર કર્યો હોતો નથી. કેટલાક ગુણિયલ લેખકો પણ અમુક શબ્દો એટલા માટે લખે છે કે એ રૂપાળાં લાગે છે; બાકી એમાં બહુ અર્થ કે ઊંડાણ હોતાં નથી. આજકાલ આવું ઘણું-બધું બોલવાની ફૅશન છે. એ બોલનારને પ્રશ્નો પૂછો તો એ થોથવાય છે, કારણ કે બોલતાં પહેલાં વિચાર કર્યો હોતો નથી.

આવો એક વિષય ભાર વિનાના ભણતરનો છે. સામે અગર વિદ્યાર્થી શ્રોતાઓ હોય, શિક્ષકો હોય, શિક્ષણને લગતો પ્રસંગ હોય, 'તેજસ્વી તારલાઓ'નું સન્માન હોય, ત્યારે ભાર વગરનું ભણતર પ્રયત્નોમાં ચમકી જ જાય છે.

અમે બાલસાહિત્ય અકાદમીને ઉપક્રમે એકવાર આ વિષયમાં વિચાર કરવાનો પ્રયત્ન કર્યો. એમાં શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓ, બાળકો માટે સાહિત્ય લખનાર અને અર્ધી-અર્ધી સદી સુધી શિક્ષણ વિશે ચિંતન કરનારાઓને એકત્ર કર્યા, એ સમયની નોંધો આજે અચાનક મળી આવી, એટલે આ વિશે આપની સામે રજૂઆત કરવા ધાર્યું છે.

'ભાર વિનાનું ભણતર' એ વિષયને અનેક દૃષ્ટિકોણથી જોઈ શકાય. 'ભાર'નો માત્ર ભૌતિક અર્થ લઈએ તો, એમાં દફતરનો ભાર, પુસ્તકો તથા નોટબુકોનો ભાર, કંપાસ તથા રંગ-પેટીનો ભાર, નાસ્તા-પાણીનો ભાર વગેરે સમાવેશ પામે. અમે નાના હતા ત્યારે નિશાળિયાઓનાં દફતર તરીકે લોખંડની ભારેખમ પેટીઓ વપરાતી. એક જ પેટી પાંચ-સાત ભાંડુઓને વારાફરતી કામ આવે એવી એ મજબૂત રહેતી. ઘણીવાર તો બે પેઢીઓ સુધી કામ આપતી. આજે હવે પ્લાસ્ટિકનાં અને કાપડનાં દફ્તર આવ્યાં છે. પેટીઓ કરતાં એમનો ભાર

ઓછો છે, એ દૃષ્ટિએ ભણતરનો ભાર ઓછો થાય છે, પણ પુસ્તકોનો ભાર વધી રહ્યો છે. નોટબુકો વધી રહી છે. કહેવાને ખાતર તો વિષયો એટલા જ રહ્યા છે. ઊલટાના ઈતિહાસ, ભૂગોળ, વિજ્ઞાન, નાગરિકશાસ્ત્ર વગેરે વિષયો ભેગા થઈને સમાજવિદ્યા, પર્યાવરણ જેવા નામે ભણાવાય છે. અને શહેરી વિસ્તારોમાં કેટલીક નિશાળો વધારે વાયડી છે. ધનસંપન્ન શહેરી મા-બાપોને એ વાયડાઈ ગમે છેય ખરી. તેઓ સાધારણ શિક્ષણ ઉપરાંત બે ડઝન ઈતર વિષયોનો બોજ વિદ્યાર્થીઓને અને અને એમના દફતરને માથે નાખે છે. એ જ રીતે, ચિંતાખોર વાલીઓ દરેક બાળકને ખૂબ બધો નાસ્તો બંધાવે છે. વળી, પોતાનાં સુંવાળાં બચ્ચાંને 'ગમે તેવાં' પાણી પીવાં ન પડે એ માટે ઘરેથી પાણી-પાત્ર લઈ જવા મજબૂર કરે છે. જો કે, શાળાઓના સંચાલકો તંત્રોને મા-બાપની આ ચિંતા ખૂબ ગમી ગઈ છે. એમણે બાળકોને સુદ્ધાં, પીવાલાયક પાણી પૂરું પાડવાની જવાબદારી વેઢારવી પડતી નથી ! અમે અમારી પૌત્રીનું પહેલા ધોરણનું દફતર એકવાર જોખી જોયું હતું. આઠેક કિલોગ્રામ વજન હતું !

એ થયો ભૌતિક ભાર. 'ભાર વિનાનું ભણતર'નો તાત્ત્વિક અર્થ એ પણ છે કે, વાલીઓને એનો ખર્ચ-ભાર બહુ ન લાગવો જોઈએ. અહીં પણ મધ્યમવર્ગી મા-બાપો ત્રાસ કરે છે. તેઓ પોતાના સંતાનને 'ઉત્તમ' શિક્ષણ દેવા રઘવાયાં થયાં છે. 'ઉત્તમ' શિક્ષકની મધ્યમવર્ગની વ્યાખ્યા પણ જોવા જેવી છે. 'અમારું સંતાન સદાય નંબર વન રહે. ' 'અમારું સંતાન એની ટકાવારી દાખવે, જેથી ટંકશાળ જેવી ગણાતી વિદ્યાશાખાઓમાં એમને પ્રવેશ મળે, 'અમારું સંતાન અંગ્રેજી એવું કડકડાટ બોલે કે એને ફોરેન જવાના ચાન્સ મળે'... આવી-આવી એષણાઓ વડે મા-બાપ છોકરાંને લખલૂટ ખર્ચ કરે છે. પછી દેખાદેખીથી બધાં મધ્યમવર્ગી અને એથીય નીચલા ઘરનાં મા-બાપ ભણતરનો ભાર પેટે પાટા બાંધીનેય વેઢારે છે અને 'મોંઘું શિક્ષણ એટલે સારું શિક્ષણ', એવી મૂર્ખ મધ્યમવર્ગી વ્યાખ્યાનો કેટલાંક નફાખોરો ગેરલાભ ઉઠાવે છે. કાંઈ કેટલાય નેતાજીઓ અને કોર્પોરેટ ગૃહો 'સારું' શિક્ષણને નામે ફાઈવ-સ્ટાર હોટેલો જેવાં મકાન બનાવીને લખલૂટ ફી ઉઘરાવે છે. પેલાં મહત્ત્વાકાંક્ષી મા-બાપ લાખ-લાખ સુધીની ફી ચૂકવે પણ છે !

ભણતરનો આ 'ભાર' માત્ર શાળા-સંચાલકોનાં ગજવાંનો ભાર વધારે છે. જો

વધુ નાણાં વડે જ વધુ સારું શિક્ષણ મળતું હોત તો સમગ્ર ઈતિહાસ દરમિયાન રાજા-રજવાડાંનાં અને શાહસોદાગરોનાં છોકરાં જ 'સ્કૉલર' હોત.

જોકે આ વાત ભોળાં, મહત્ત્વાકાંક્ષી મા-બાપોને ગળે ઉતારવામાં આપણે બધાં નિષ્ફળ ગયાં છીએ. સાવ સાદી ગામડીયા શાળામાં કે મ્યુનિસિપલ શાળામાં ભણીને ઉત્તમ વિજ્ઞાની, જ્ઞાની, સર્જક, સાહસી નીપજ્યાના દાખલા આપવા છતાં આવાં મા-બાપોને વિશ્વાસ પડતો નથી અને ભણતરનો આ આર્થિક ભાર વધ્યા જ કરે છે.

'ભાર વિનાનું ભણતર'નો જે અર્થ મુખ્ય છે અને જે પ્રૉફેસર યશપાલ વગેરેએ આપ્યો છે તે તો એ છે કે બાળકને પોતાને ભણતરનો માનસિક બોજ લાગવો નહીં જોઈએ. જે-તે ઉંમરે જેટલો માનસિક શ્રમ-બોજ એ વેંઢારી શકે એનાથી વધારે શ્રમ કરવા બાળકને મજબૂર કરવું એ ભારવાળું ભણતર છે. એના માનસ- વિકાસને જે તબક્કે જે ખ્યાલો (કન્સૅપ્ટ્સ) એ ગ્રહણ ન કરી શકે એવા ખ્યાલો લાદવા એ ભારવાળું ભણતર છે. બાળક ભણતરના કામમાં જ એટલું દટાઈ જાય કે રમવા, આનંદ કરવા, ઈતર વાચન કરવા, હરીફરીને પ્રકૃતિને માણવા નવરું ન પડે એ ભારવાળું ભણતર છે. બાળકને માટે ભાર વિનાના ભણતરનો વિચાર કરીએ ત્યારે ખરેખર તો આ દિશામાં વિચાર કરવાનો છે.

સાવ નાની, દોઢ-બે વર્ષની વયે તમે બાળક ઉપર ભણતરનો બોજ લાદો એ ભારવાળું ભણતર છે. સાવ નાની વયે કહેવાતા 'રાષ્ટ્રવાદી' યા 'નૈતિક' (મોરલ) ખ્યાલો સીંચવાની કોશિશ કરો એ ભાર છે. કમ્પ્યૂટર પર રમત-ગમત ઠીક છે. પરંતુ દ્વિરેખી પદ્ધતિ (બાઈનરી સિસ્ટમ) જેવી અત્યંત અમૂર્ત વ્યવસ્થાઓ પણ એ સમજે અને અપનાવે એવો આગ્રહ રાખવો એ ભારયુક્ત ભણતર છે. અમે એક વાયડી નિશાળને ઓળખીએ છીએ. જ્યાં અંગ્રેજી માધ્યમની શાળામાં પૂર્વ-પ્રાથમિક કક્ષાએ દળણું દળવા, મસાલા ખાંડવા, કરાટે અને સંગીત, નૃત્ય, તરણસહિત બાવીસ (જી હા ટ્વેન્ટી ટૂ) વિષયો 'ભણાવવામાં' આવતા હતા!!

ચર્ચામાં અમારી સાથે જે શિક્ષકો હતાં, એમણે બે બાજુના દબાણની વાત કરી. કહ્યું કે અમારા પર શાળાસંચાલકો શિક્ષણેતર કામોનું ખૂબ દબાણ લાદે છે. શિક્ષણ સંબંધી તમામ સમિતિઓ એકથી ચાર ધોરણનાં બાળકોને ઘરકામ ન આપીએ તો

કોઈક વાલીઓ ફરિયાદ કરતાં આવે છે કે બાળકને કામ કેમ આપતા નથી ? વળી, કેટલાક શિક્ષકો ઘરકામ એટલા માટે આપે છે કે એ કામ કરાવવા માટે વાલીઓ તેમને ઘેર બોલાવે અને એમને રોકડી થાય !

તો, વાલીઓમાં કેટલાકની ફરિયાદ હતી કે ભણતર બહુ નવું બનતું જાય છે, એનો બાળક પર ઘણો ભાર આવે છે. નવું પર્યાવરણ, નવું ગણિત, નવું કમ્પ્યૂટર વગેરે બધું. એટલું નવું શિક્ષણ આવે છે, જેમાં વડીલોની ચાંચ ડૂબતી નથી, એથી નિશાળ કરતાં વધારે ટ્યૂશનનો બોજ પડે છે. વળી, કેટલાક શિક્ષકો વર્ગમાં બરાબર ભણાવતા નથી કે ભણાવી શકતા નથી. પોતાની ઊણપને ઢાંકવા તેઓ હોમવર્કનો ભાર લાદે છે. એક જમાનામાં વિદ્યાર્થીઓ વર્ગમાં જ પૂરું ભણતર ભણતા, ટ્યૂશન રાખવું શરમજનક ગણાતું, આજે પૂર્વ- પ્રાથમિકનાં પણ ટ્યૂશન ચાલે છે !

બહુ રસપ્રદ વાતો બાળકોએ કરી. અમારી સાથે જે બાળકો હતાં તે બધાં સારાં વાચક અને અભ્યાસેતર પ્રવૃત્તિઓમાં રસ લેનારાં નંબરી બાળકો હતાં. આથી એમના અભિપ્રાયો કદાચ માત્ર હોશિયાર વિદ્યાર્થીઓના છે. એકે કહ્યું કે મને ભણતરનો ભાર લાગતો નથી. હું તો સારું પરિણામ લાવું છું અને ઈતર પ્રવૃત્તિઓમાં ભાગ લઉં છું. ભાર કેવો ! એક વિદ્યાર્થીએ તો ચોંકાવનારી વાત કરી. કહે કે આજનું ભણતર અગાઉના કરતાંય ઓછા ભારવાળું છે. અગાઉ ઘડિયા-પલાખાં ગોખવાનો બોજ હતો, આજે તો કૅલ્ક્યુલેટર છે.

એક દીકરીએ કમાલ કરી, કહે કે બોજ ત્યારે જ લાગે જ્યારે બોજ માનીએ ! ભણતરને સ્વાભાવિક ગણીએ, આવકારીએ, રમતાં-રમતાં રચનાત્મક વાત કરી. ઈતિહાસ, ભૂગોળ, બધું રમતના રૂપમાં ભણી શકાય. અરે, ગણિતની પણ રમતો છે. એ રમતો દ્વારા ગણિત ભણીએ તો જરાય વાર ન લાગે !

વાર્તા પ્રેમચંદજીની છે. કોઈ એક મહોલ્લામાં બે બાળકો રમતાં-રમતાં ઝઘડી પડે છે. તરત જ એ ઝઘડો બન્નેની મમ્મી, પછી પપ્પા, પછી સમગ્ર પરિવાર ઉપાડી લે છે. આગળ જતાં ઝઘડો બે કોમો અને મે મોટા ઈલાકા વચ્ચેનો થઈ જાય છે અને હમણાં લોહીની નદીઓ વહેશે એવું જણાય છે. ત્યારે એક વૃદ્ધજન ધ્યાન દોરે છે, ઓ લડી મરવા તત્પર થનારાંઓ, જરા ત્યાં નજર નાખો. જે બે બાળકોને કારણે

તમે તલવારો તાણી રહ્યા છો, એ તો કેવાં પ્રેમથી, હળીમળીને પાછા સાથે રમવા લાગ્યાં છે !

શિક્ષણમાં આપણે, બાળકોને બહાને આપણા જ સ્વાર્થ, આપણી જ મહત્ત્વાકાંક્ષાઓ, આપણા જ ગુપ્ત એજન્ડાને અમલી નથી બનાવી રહ્યા ને !

**'ગુજરાત ગાર્ડિયન'**

## ૨. શિક્ષકને સન્માન

## ભારતીય સમાજ નગુણો નથી. શિક્ષકો(ગુરુજનો)નો આદર અને સ્વમાન જાળવણી ભારતીય સંસ્કૃતિ છે.

**બાળક માત્રને બાળપણ**

**શિક્ષક માત્રને વંદન**

બાળક માત્રને ઉત્તમ શિક્ષણ આપવાની નૈતિક જવાબદારી નિષ્ઠાપૂર્વક નિભાવતા શિક્ષકોને વેઠવી પડતી મુશ્કેલીઓના નિવારણ માટે નાગરિક સમાજની સક્રિયતા અનિવાર્ય છે. જે રાષ્ટ્ર નિર્માણની દિશાનો રચનાત્મક કાર્યક્રમ સમજવો જોઈએ.

વર્તમાન સમયમાં શિક્ષકો અમર્યાદ તણાવમાં કામ કરે છે. વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ કાર્યમાં પૂરતો સમય ફાળવી શકતા નથી. વર્ગખંડ સિવાયની પ્રવૃત્તિઓનું ભારણ અનુભવે છે. તેમના વ્યવસાયિક હિતોના રક્ષણ અને નિસ્બત ક્ષેત્રે સફળતા માટેના સંગઠનિક પ્રયાસોને વધુ મજબૂત બનાવવા પડે તેમ છે. ઉપરોક્ત હકીકતે નાગરિક સમાજે શિક્ષક સમુદાયને રચનાત્મક હૂંફ આપવી આજનો તકાજો છે. જેના અનુસંધાને નજીકના દિવસોમાં આવી રહેલા શિક્ષકદિને કોઈ ઉપક્રમની શરૂઆત કરવાનું વિચારીએ.

શિક્ષકોને મુંઝવતા મુદ્દાઓ કયા કયા છે ?

તેમાંથી કયા મુદ્દે કામ કરવાની પ્રાથમિકતા સર્વોચ્ચ લાગે છે ?

આવા તારવેલા મુદાઓના ઉકેલ માટે કયા પ્રકારના પ્રયાસો કરવા જોઈએ ?

આવા પ્રયાસોનું પ્રેરક બળ ક્યાંથી આવશે ? કેવી રીતે આવશે ?

આ સવાલોના જવાબો શોધવામાં આપની ભાગીદારી આવતીકાલના જીવવા જેવાં સમાજની રચનામાં મહત્ત્વની બની રહેશે.

**સુખદેવ પટેલ**

# ૩. તમામ શાળામાં આટલું થાય તો ?

૧. અઠવાડિયે એક દિવસ બાળકો દફ્તર વિના આવે. માત્ર વિવિધ પ્રવૃત્તિઓ કરે

૨. શાળા અંગેના નિર્ણયોમાં વિદ્યાર્થીઓને ભાગીદાર બનાવવા

૩. બાળકો આગળ સમાજના પ્રશ્નોનું બિનપક્ષપાતપણે, તટસ્થપણે, ન્યાયપૂર્ણ રીતે પૃથક્કરણ કરવું

૪. જીવાયેલા જીવનના ઉત્તમ દૃષ્ટાંતોમાંથી એક પ્રસંગ પ્રાર્થના સભામાં ટીકાટિપ્પણી વિના રજૂ કરવો

૫. ચારિત્ર્ય ઘડતર, નાગરિકધર્મ, કર્તવ્યપાલન અંગે બાળકોની જાગૃતિ વધે એ માટે મંત્રીમંડળને ખૂબ જવાબદાર બનાવવું. મંત્રીમંડળને નિર્ણયો લેવાની મોકળાશ આપવી

૬. શાળામાં ચોરી, મારામારી, ગેરશિસ્તના પ્રસંગો બને ત્યારે બધા શિક્ષકો મળીને નિર્ણયો કરે

૭. નૃત્ય, નાટક, ગીતો, ચિત્ર, સંગીત, ઉત્તમ પ્રાર્થના – આ બધું અનિવાર્યપણે હોય

૮. બાળકોનો વાચનપ્રેમ જગાડવો. પ્રોત્સાહન આપવું. દર અઠવાડિયે એક શિક્ષક એક પુસ્તકનો રસિક રીતે પરિચય આપે

૯. એક શાળાના થોડા વિદ્યાર્થીઓ ત્રણથી પાંચ દિવસ બીજા ગામની શાળામાં જાય. બાળકોને ઘેર રહે. જમે. એ શાળામાં ભણે

૧૦. શાળામાં રમતોને ખૂબ પ્રોત્સાહન આપવું

૧૧. આસપાસનાં નજીકનાં જાણીતાં સ્થળોનો પગપાળા પ્રવાસ ગોઠવાય ૫૦ કિ.મી. સુધીનો વાહનપ્રવાસ ગોઠવાય. વર્ષે બે પ્રવાસ થાય તો ઉત્તમ

**મનસુખ સલ્લા**

# ૪. પરીક્ષા વખતે બાળકને આપો મનોવૈજ્ઞાનિક સપોર્ટ

**માતા-પિતાએ વધુ ટકાવારી માટે બાળક પર પ્રેસર ન ઊભું કરવું જોઈએ, બાળકની શક્તિ-મર્યાદાઓ સમજીને તેની પરીક્ષાની ચિંતા ઘટાડવી જોઈએ**

**મનોવિજ્ઞાનની દૃષ્ટિએ**

ધોરણ ૧૦ અને ૧૨માની 'પરીક્ષાનો હાઉ' ઊભો કરવામાં માતાપિતાની ભૂમિકા મહત્ત્વની છે. બાળકોમાં 'પરીક્ષાની ચિંતા' વધારવામાં કે ઘટાડવામાં માતાપિતાનું વલણ અને વર્તન જવાબદાર હોય છે. ગયા વર્ષે બોર્ડ એક્ઝામની હેલ્પલાઈનમાં લગભગ ૪૦ ટકા માતાપિતાને સલાહની જરૂર છે તેવું જોવા મળ્યું. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જો માતાપિતાને યોગ્ય માર્ગદર્શન મળે તો કદાચ બાળકોનો 'પરીક્ષાનો ભાર' ઓછો કરી શકાય. આ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

(૧) પરીક્ષા આપનાર સંતાનની શારીરિક અને માનસિક તંદુરસ્તી જળવાઈ રહે તેની કાળજી રાખવી જોઈએ. ઘણા માતા-પિતા બાળકને 'આ ખાઈશ તો વધુ ઊંઘ આવશે કે તારી તબિયત બગડશે' તેવાં સૂચનો કરતા હોય છે. વિદ્યાર્થીને સાદો અને સમતોલ ખોરાક આપવો જોઈએ. આ સાથે વિદ્યાર્થીની મનોવૈજ્ઞાનિક જરૂરિયાતો સંતોષવી, એટલે કે 'જે પણ પરિણામ આવે તારો સ્વીકાર કરીશું' એવો વિશ્વાસ અપાવવો જરૂરી છે.

(૨) બાળક પૂરતો આરામ કરે તેની કાળજી મા-બાપે રાખવી જોઈએ. સતત વાંચનને કારણે શારીરિક અને માનસિક થાક લાગે છે. તેથી વાંચેલું યાદ રહેતું નથી અને માનસિક સમસ્યાઓ શરૂ થઈ શકે છે. તેથી પૂરતો આરામ ફરીથી તેને તાજગી આપી વાંચેલું યાદ રાખવામાં મદદરૂપ થાય છે.

(૩) મા-બાપને બાળકોની શક્તિ-મર્યાદાની જાણકારી હોવી જોઈએ. શારીરિક અને માનસિક શક્તિની જાણકારી હશે તો માતાપિતા વધુ અપેક્ષા બાળકો પાસેથી રાખશે નહીં.

(૪) બાળકો વચ્ચે સરખામણી ન કરો. મોટા ભાઈ-બહેન કે પડોશીઓ અને સગાવહાલાના બાળકો સાથે તેની સરખામણી - ખાસ કરીને પરીક્ષાના અપેક્ષિત પરિણામો અંગે ના કરો. તારા મોટાભાઈના આટલા ટકા આવ્યા હતા, તારા તેનાથી પાંચ-દસ ટકા વધારે આવવા જ જોઈએ. ઘણીવાર માતાપિતાને અપેક્ષા હોય છે કે મારો દીકરો-દીકરી ડૉક્ટર બને. બીજા પણ

એવાં ક્ષેત્રો છે, જેમાં સફળ કારકિર્દી બનાવી શકાય છે. ખરેખર તો બાળકોની રસ, રૂચિ અને વલણ અનુસાર અભ્યાસક્રમ પસંદ કરવા જોઈએ.

(૫) માતાપિતાએ એ ધ્યાનમાં રાખવું જોઈએ કે ધો. ૧૦ અને ૧૨ પછી સ્નાતક અને અનુસ્નાતક પછી સારી કારકિર્દી ઘડવાની તકો રહેલી હોય છે. ૧૦મા પછી ડિપ્લોમા કરીને નોકરી કરતાં-કરતાં ડિગ્રી મેળવી આગળ વધી શકાય છે. ઓછા ટકા આવશે તો પણ આગળ 'ભવિષ્ય અંધકારમય' છે એવું માનવાને બદલે બીજી તકો રહેલી છે, તેના પર ધ્યાન આપવું જોઈએ.

(૬) માતા-પિતાએ જરૂર પડ્યે સલાહકારની મદદ લેવી જોઈએ. 'મને યાદ નથી રહેતું, મારે પરીક્ષા આપવી નથી, આવતા વર્ષે પરીક્ષા આપી વધારે ટકા લાવીશ, મને ખૂબ ગભરામણ થાય છે' આવી ફરિયાદો બાળક કરે ત્યારે જરૂર પડ્યે મનોવૈજ્ઞાનિક સલાહકારની સેવા લેવી જોઈએ. સલાહકાર તેનો આત્મવિશ્વાસ વધારે છે, તેની પરીક્ષાની ચિંતા ઓછી કરે છે. સ્વસ્થતાથી પરીક્ષા આપવા સલાહકાર તેને માનસિક રીતે તૈયાર કરે છે.

(૭) મા-બાપે વધારે પડતું 'પ્રેસર' ઊભું ન કરવું જોઈએ. માતા-પિતાનું પ્રેસર જેમ-જેમ વધતું જાય છે તેમ-તેમ બાળકનું ધ્યાન વાંચવામાંથી ઓછું થતું જાય છે અને ચિંતાનું પ્રમાણ વધતું જાય છે. જેની કેટલીકવાર તેના પરિણામ પર અસર પડી શકે છે.

(૮) પરીક્ષા સમયે બાળકોને 'આવેગાત્મક ટેકા'ની જરૂર હોય છે. સમજુ માતા-પિતા આવા સમયે ખોટી ચિંતા કે હતાશા જન્માવવાને બદલે તેને આવેગાત્મક રીતે મદદરૂપ થાય છે. પરીક્ષા સમયે માતા-પિતાએ હકારાત્મક વલણો રાખવા ખૂબ જરૂરી છે.

ચાલો તો આપણે એક માતાપિતા તરીકે સંકલ્પ કરીએ અને બાળકને કહીએ કે, ૧૦-૧૨માં તારા જે પણ ટકા આવશે છતાં તેનો અને તારો સ્વીકાર કરીશું. તારા રસ અને રૂચિ પ્રમાણે તને પસંદગીની લાઈનમાં જવા દઈશું. સમાજને માટે ઉપયોગી નીવડશે. ' તમારું 'પોઝિટિવ વલણ' તમારા સંતાનો, તમારા માટે અને સમાજ માટે ઉપયોગી નીવડશે.

## ૫. કોઈ પણ બોર્ડની પરીક્ષા આપતા પહેલાં આટલું જરૂર વાંચો

**વહાલા વિદ્યાર્થી ભાઈ-બહેનો,**

- વિશ્વના સૌથી વધુ ધનવાન ઉદ્યોગપતિ બિલ ગેટસ ક્યારેય પરીક્ષામાં ટોપ ટેનમાં આવ્યા નહોતા પણ અત્યારે એમની કંપનીમાં વિશ્વની ઘણી યુનિવર્સિટીના ટોપર્સ નોકરી કરે છે.
- આપણા ધીરુભાઈ અંબાણી કોઈ યુનિવર્સિટીના સ્નાતક નહોતા પણ અત્યારે એમની કંપનીમાં ભારતના તેજસ્વી તારલાઓ નોકરી કરે છે.
- અમિતાભ બચ્ચન આકાશવાણીની અવાજની પરીક્ષામાં નાપાસ થયા હતા, આજે એમના અવાજ ઉપર આખી દુનિયા ફીદા છે.
- સચિન તેંડૂલકર બોર્ડની પરીક્ષામાં નાપાસ થયા હતા તો પણ ક્રિકેટના ભગવાન કહેવાયા અને આજે મહારાષ્ટ્ર રાજ્યના પાઠ્યપુસ્તકમાં એમનો પાઠ ભણાવવામાં આવે છે.
- મોરારીબાપુ દસમા ધોરણમાં ત્રણ વખત નાપાસ થયા હતા છતાં આજે આખી દુનિયા એમને શ્રદ્ધાથી સાંભળે છે.
- ઉપરનાં પાંચેય તમને દૂર લાગતા હોય તો આપણાં સુરેન્દ્રનગર જિલ્લાના જગદીશ ત્રિવેદી બે વખત નાપાસ થયા પછી ત્રણ વખત પીએચ. ડી. કરી અત્યારે વિશ્વવિખ્યાત હાસ્યકલાકાર અને દાનવીર બની ગયા છે.

વિદ્યાર્થી મિત્રો, બોર્ડની પરીક્ષા માત્ર એક ધોરણની પરીક્ષા છે એ આખા જીવનની પરીક્ષા નથી, માટે ટેન્શન છોડો અને એટેન્શન અપનાવો. ભય છોડો અને ભરોસો રાખો.

કદાચ આ પરીક્ષામાં તમારી અપેક્ષા મુજબનું પરીણામ ન આવે તો જિંદગી બગડી જવાની નથી. ભવિષ્યમાં તમે જરૂર કંઈક બનીને બતાવી શકશો માટે ડર વગર શાંત ચિત્તે પરીક્ષા આપો અને યોગ્ય પરિણામ પ્રાપ્ત કરો એવી શુભકામના.

# ૬. શિક્ષકનો વિદ્યાર્થીને પત્ર

પ્રિય વિદ્યાર્થી મિત્ર,

આજે હું તારી સાથે જીવન ઉપયોગી થોડી વાતો શેર કરવા માગું છું.

(૧) **વિદ્યાપ્રાપ્તિ અંગેનો દૃષ્ટિકોણ :** શિક્ષક તરીકે મેં જોયું છે કે વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે એક પ્રકારનો કંટાળો છે. આહાર, નિદ્રા, ભય અને મૈથુન આ ચાર પશુઓમાં પણ હોય છે. આ પશુત્વમાંથી મનુષ્યત્વ અને મનુષ્યત્વમાંથી દેવત્વ પ્રાપ્ત કરવાનું જો કોઈ શ્રેષ્ઠ સાધન હોય તો તે વિદ્યા છે. દોસ્ત, વિદ્યાપ્રાપ્તિ તરફ તારું વલણ પોઝીટીવ રાખી તું દેવત્વ પ્રાપ્ત કરે તે જ અભિલાષા.

(૨) **શિક્ષા અને સંસ્કાર :** શિક્ષા સાથે સારા સંસ્કાર હોય, તો જ શિક્ષા શોભે છે. સારા સંસ્કાર માટે સારા મિત્રોનો, વ્યક્તિઓનો સંગ કરજે. સદ્‌વિચાર મળે તેવું વાંચન કરજે. ગુણગ્રાહી બનજે.

(૩) **પ્રેમ :** પ્રેમ અત્યંત જરૂરી છે. બધા સાથે પ્રેમપૂર્વક અને સમજણપૂર્વક સંબંધ રાખજે.

(૪) **વિવેક :** જીવનમાં શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી તેનો વિવેક કરતાં શીખજે. જીવનવિકાસમાં જે ઉપયોગી હોય તે દઢતાપૂર્વક કરજે.

(૫) **લક્ષ્ય :** તારી ક્ષમતા અનુસાર જીવનનું કોઈ ઉચ્ચ લક્ષ્ય નક્કી કરી કામ કરજે.

(૬) **Love all - Serve all :** માતાપિતા, કુટુંબીજનો, સમાજ, દેશ અને દુનિયાને ખૂબ પ્રેમ કરજે. શક્ય તેટલી તેમની સેવા કરજે.

(૭) **કારકિર્દી અને સંઘર્ષ :** દોસ્ત, Life is struggle. Struggle is life. તું એવું વિચારજે કે આજે ખૂબ સંઘર્ષ છે. તો આજના સમયમાં વિકાસની પણ ખૂબ તકો છે.

(૮) **પૈસા :** એક વાત યાદ રાખજે કે પૈસો એ સાધન છે, સાધ્ય નથી. નીતિપૂર્વક

ખૂબ કમાણી કરજે પરંતુ પૈસાથી જ બધું પ્રાપ્ત થઈ જશે તેમ ન સમજીશ.

(૯) **નોકરી-ધંધો :** વિદ્યાપ્રાપ્તિને અંતે જે કાંઈ નોકરી કે ધંધો કરે તે પ્રામાણિકતાથી, નિષ્ઠાપૂર્વક, ખંતથી, ઉત્સાહ અને આનંદથી કરજે. આપણું કર્મ જ આપણો ધર્મ.

કર્મયોગી બની તું ખૂબ સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે તેવી પ્રભુપ્રાર્થના સાથે તને ખૂબ ખૂબ સ્નેહ.

**લિ.**
**ઉદયસિંહ ડાભી**

# ૭. સ્લો લર્નર પ્રિયાંશુ

**વાતિ ઉર્વીન શાહ**

તમામ બાળકોની ખૂબીઓ અને મર્યાદાઓ હોય છે. પરિવાર અને શાળાનું કામ છે ખૂબીઓ વધારવી અને મર્યાદાઓ ઘટાડવી. પરંતુ આપણને તો ખૂબીઓ જ ગમે છે. ખરેખર તો મર્યાદાઓમાંથી બાળકને કેમ બહાર લાવવું તે મુખ્ય કામ છે. બીજાં બાળકો સાથે તુલના કરવી કે મર્યાદાવાળા બાળક પર અપેક્ષાઓનો ભાર વધારવો એ ઉપાય નથી. જ્યારે મા-બાપ અને શાળાઓ આ સમજીને કામ કરે છે ત્યારે ઉત્તમ પરિણામો મળે જ છે.

એક વખત એક માતા મારી પાસે આવી અને પોતાની ચિંતા રજૂ કરી. 'મારે બે દીકરી છે. દીકરીઓ ભણવામાં બહુ હોશિયાર છે. દીકરીઓ પછી આ દીકરો પ્રિયાંશુ છે. તે જ્યાં બેઠો હોય ત્યાં જ બેસી રહે છે. કંઈક કરે જ નહીં. ચાલવાનું શીખતાં પણ તેને પોણા બે વર્ષ લાગ્યાં. મેડમ, તમે તો વર્ષોથી સ્કૂલ ચલાવો છો. આવાં બાળકો ક્યારેક તો તમારે ત્યાં આવતાં જ હશે ? ડૉક્ટરનું કહેવું છે કે જો પ્રિયાંશુને યોગ્ય સ્કૂલ મળે તો તેનો વિકાસ ઝડપી અને યોગ્ય દિશામાં થાય. તમારી સ્કૂલનું વાતાવરણ તેનામાં કંઈ બદલાવ લાવી શકે ?'

તે બહેન મારી સામે આતુરતાથી અને અપેક્ષાથી જોઈ રહ્યાં હતાં. તેઓ હિંમત હારી ગયાં હોય તેવાં લાગતાં હતાં. મારે તેમને આશ્વાસન આપવાનું હતું અને તેમનું સમાધાન પણ કરવાનું હતું.

મેં તેમને ધીરજ બંધાવતાં કહ્યું, 'જુઓ, દરેક બાળકના પ્રશ્નો અલગ હોય છે. દરેકની ક્ષમતા અને સ્વભાવ અલગ હોય છે. હું પ્રયત્ન કરી જોઉં. હું બાળકો ઉપર ગુસ્સો નથી કરતી કે તેમને મારતી નથી. લાંબા અનુભવે મને લાગે છે કે ગમતી પ્રવૃત્તિ કરતાં કરતાં તેનો રસ ઊભો થાય તો બાળકમાં ફેર પડી શકે છે, એટલે હું આ કરી શકીશ. પણ તમને ખરું કહું તો તમારામાં બીજી માતાઓ કરતાં ધીરજ વધારે લાગી હશે એટલે ભગવાને પ્રિયાંશુની મા તરીકે તમારી પસંદગી કરી હશે.' એ બહેન આશ્વાસન પામ્યાં. પ્રિયાંશુ અમારી પ્લે સ્કૂલમાં દાખલ થયો.

જો બાળકની ખોટી આળપંપાળ કરવામાં ન આવે અને ખુશ રહે તેવું વાતાવરણ પૂરું પાડીએ તો બાળકની શીખવાની ગતિ વધી શકે છે. તેને પ્રોત્સાહન અને શાબાશીની ખૂબ જ જરૂર પડે છે. આ માટે સ્લો-લર્નર બાળકનું સતત અવલોકન કરતાં રહેવું પડે છે.

સ્કૂલમાં બધાં બાળકો પતંગિયાની જેમ ઊડાઊડ કરતાં ત્યારે પ્રિયાંશુ માથું ઢાળીને જોયા કરે. પણ ક્યારેક જાતે ઊઠીને માથું હલાવે. એનાથી ખ્યાલ આવે કે આ ગીત તેને વધારે ગમ્યું છે. અમારે ત્યાં વિવિધ પ્રાંતોથી આવેલાં પરિવારો રહે છે, એટલે હું ગુજરાતી સિવાયનાં બાળકો માટે ગુજરાતી બાળગીતોનું બીજી ભાષામાં ભાષાંતર કરીને ગીત શીખવું અને ગવડાવું. પ્રિયાંશુને શું વધારે ગમે છે એ જોતાં મને ખ્યાલમાં આવ્યું કે આવાં ગીતો તેને વધારે ગમે છે.

તેને માટેની રમતો પણ હું બદલ્યા કરું. એમાંથી તેની હાથની પકડ મજબૂત થઈ. રમતાં રમતાં કોઈ રમકડું છૂટું પડી જાય તો હું તેને ફરી જોડવાનું, ફરી ગોઠવવાનું કહું. ધીરે ધીરે તે સમજતો થયો અને કરતો પણ થયો. પછી તો બીજાં બાળકો સાથે ‘અક્કડબક્કડ’ અને ‘ટ્રેન ટ્રેન’ની રમત રમવી તેને ખૂબ ગમતી.

એક દિવસ અચાનક તેણે ઘરમાં પોતાની માતાને ‘એક બિલાડી જાડી’નો હિન્દુ અનુવાદ ‘એક બિલ્લી મોટી’ ગાયું અને દોડીને જોરથી માને પકડી લીધી. તેની માતા માની જ નહોતી શકતી કે પ્રિયાંશુ આવી કરી શકે. બીજે દિવસે તેઓ સ્કૂલ આવ્યાં. મને કહે, ‘કલ તો પ્રિયાંશુ ને ‘એક બિલ્લી મોટી’ ગાતે હુએ મુજે ટાઈટ પકડ લિયા. ઉસને ઐસા કૈસે કિયા ?’ મેં તેને સમજાવ્યું કે, ‘ગીતમાં છેલ્લે એવું આવે છે કે ‘મગરને બિલ્લી કો પકડ લિયા. ’ તો તેને એ યાદી રહી ગયું અને તમને પકડી લીધાં.’

પોતાના પુત્રે આવી પ્રગતિ કરી, દોડીને ભેટ્યો, ગીત ગાયું એથી માતા ખૂબ રાજી હતી. મેં તેમને કહ્યું કે, ‘હવે તો પ્રિયાંશુને એક ચોરસ બનાવીને આપું છું તો તેમાં રંગો પૂરે છે. માટી (ક્લે) આપી બીબા દ્વારા વિવિધ આકારો કરાવું છું તો સરસ રીતે કરે છે. તે અમારે ત્યાંની પ્રવૃત્તિઓમાં હવે ભાગ લે છે. ’

માતા ખુશ હતી કે જે પુત્ર માટે તે લગભગ હિંમત હારી ગઈ હતી તે ગીતો

ગાતો હતો, ચિત્રો દોરતો હતો, રમતમાં ભાગીદાર થતો હતો. એક દિવસ પ્રિયાંશુએ હાથથી હાથી જેવી સૂંઢ બનાવી 'હાથી રાજા'નું ગીત ગાયું ત્યારે તેની માતાની પ્રસન્નતા એટલી હતી કે તેને વર્ણવી ન શકાય.

એક વર્ષ પછી પ્રિયાંશુ ઘણો નવો લાગતો સલામત અને હૂંફભર્યા વાતાવરણને કારણે હવે તે પોતાના ગ્રૂપમાં પ્રવૃત્તિ કરતો થયો હતો. તેની નાની ક્ષમતાઓ જોઉં ત્યારે હું તેને ખાસ પ્રોત્સાહન આપતી. ધીરે-ધીરે તે પણ બધી પ્રવૃત્તિઓમાં મજા લેતો થયો.

સ્લો લર્નર બાળકોને સામાન્ય પણે શિક્ષકો ટાળે છે અને વાલીઓ ઉતાવળા થઈને અપેક્ષાઓનો ભાર વધારવા માંડે છે. એ બંને અવળા રસ્તા છે. એને બદલે સતત નિરીક્ષણ, વાજબી પ્રોત્સાહન અને પ્રેમભર્યો વ્યવહાર રાખીએ તો બાળક પોતાની મર્યાદામાંથી બહાર આવી શકે છે. એ માટે વાલીઓએ કોઈ પણ પ્રકારની તુલના કર્યા વિના બાળકને જેવું છે તેવું સ્વીકારવું જોઈએ. બાળકની ગ્રહણ કરવાની શક્તિ તેની અંદર જ પડેલી હોય છે. તેને યોગ્ય વાતાવરણ મળે તો બાળક ઘણી બધી મર્યાદાઓને ઓળંગી જાય છે. પ્રિયાંશુની માતા તો ખૂબ પ્રસન્ન હતી જ, સાથે મને પણ બાળકો સાથે કાર્ય કરવાનો ઉત્તમ પાઠ મળ્યો.

# ૮. મારો શૈક્ષણિક અનુભવ

**- ઈલા નાયક**

સમગ્ર પ્રાણીજગતમાં મનુષ્ય જ શિક્ષણ થકી શિક્ષિત બન્યો છે. આજે એણે વિવિધ વિદ્યાશાખાઓનું જ્ઞાન સંપાદન કરી મોટી મોટી ઉપાધિઓ પ્રાપ્ત કરી છે. પણ એ સંસ્કૃત બન્યો છે ખરો ? એ એક પ્રશ્ન જ છે. વિદ્યાપ્રાપ્તિનો એક માત્ર હેતુ ભૌતિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવાનો કે સત્તા હાંસલ કરવાનો હોય તો ચારિત્ર્ય ઘડતર થાય નહીં. શિક્ષણ સમગ્ર વ્યકિતત્વ કેળવે નહીં તો સ્વાર્થ, સત્તા, હિંસા, ભ્રષ્ટાચાર, જેવા તત્ત્વો જ જન્મ લે. આજે આપણે જે વિસંવાદી પરિસ્થિતિ નિર્માણ કરી છે એનું કારણ આપણે શિક્ષણને કેળવણી સાથે જોડ્યું નથી. માત્ર અક્ષરજ્ઞાન એ શિક્ષણ નથી. આપણે ભૂલી ગયા છીએ કે હાથ-પગની કેળવણીથી બુદ્ધિ ખીલે છે અને સંસ્કારિતા પણ કેળવાય છે. સંસ્કારિતામાં સર્વ સારી શક્તિઓનો સુંદર મેળ હોય છે. ઉદારતા, સાત્ત્વિકતા, માનવતાયુક્ત શિક્ષણ મનુષ્યને સંસ્કારી બનાવે છે. આટલી ભૂમિકા એટલા માટે કે મારું પ્રાથમિક શિક્ષણ સમગ્ર વ્યકિતત્વને કેળવે એવી અમદાવાદની 'ગુજરાત વિદ્યાપીઠ' સંસ્થામાં થયું છે. આજથી પાંસઠ વર્ષ પહેલાંની વાત કરું છું. વિદ્યાપીઠનું વાતાવરણ મુક્ત હતું. અહીં શિક્ષણ સાથે ઉદ્યોગ અને શ્રમ જોડાયેલાં હતાં. ગણિત, ભૂગોળ, ઈતિહાસ, વિજ્ઞાન ભાષા આદિ વિષયો સાથે વર્ગ સફાઈ, જાજરૂ સફાઈ, ખેતી, કાંતણ-પીંજણ-વણાટ આદિ ઉદ્યોગો અને શ્રમકાર્યો અમે આનંદ અને સહજતાથી કરતા. આ સાથે રમતગમત, ચિત્રકામ અને સંગીત જેવા વિષયો પણ શીખવાતા. આજે કલ્પી ન શકાય એવું વાતાવરણ હતું. મારા શિક્ષણનો આ શ્રેષ્ઠ સમય હતો.

વિદ્યાપીઠના સુખદ અનુભવો આજે પણ ચિત્તમાં અકબંધ છે. અહીં શિક્ષકોને-શિક્ષિકાઓને 'સાહેબ', 'સર' 'મૅડમ' કે 'મેમ' જેવાં સંબોધનોથી નહીં પણ, 'લલિતભાઈ, 'ચંદ્રકાંતભાઈ' જેવા નામોથી બોલાવાતાં, આથી શિક્ષકો સાથે દલીલબાજી કરતાં અને તર્ક લડાવતાં. આ બધું હોવા છતાં શિસ્તને હાનિ પહોંચતી નહીં, અહીં શિક્ષણને નિત્ય નૂતન ઝોક આપવામાં આવતો. મારી આ શાળાની પ્રવૃત્તિઓ અને શિક્ષણમાં મૌલિકતા હતી, એક આદર્શ હતો પણ વાતાવરણ

આદર્શ જડ નહોતું. વિદ્યાર્થીઓનું બંડખોરપણું નિયમનમાં રહેતું. જીવનનું નવસંસ્કરણ થાય, એવી સંસ્થામાં મારું પ્રાથમિક શિક્ષણ થયું. આ પછી પાંચ, છ, સાત, આઠ ધોરણનાં વર્ષો નવસારીની ગર્લ્સ હાઈસ્કૂલમાં થયા. અહીં પણ મોકળાશભર્યું વાતાવરણ મળ્યું. ધો. ૯, ૧૦, ૧૧નો અભ્યાસ અમદાવાદની નૂતન ફેલોશીપ હાઈસ્કૂલમાં થયો. જ્યાં નિર્ભયપણે અમે સહુ શિક્ષકો અને આચાર્ય સાથે વિવાદમાં ઊતરતા અને ક્યાંક તેમના નિર્ણયોનો વિરોધ પણ કરતાં. શાળાનું શિક્ષણ મુક્ત વાતાવરણયુક્ત સંસ્થાઓમાં થયું. કૉલેજ શિક્ષણનાં ચાર વર્ષ અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં વિતાવ્યાં. બી. એડ્. નો અભ્યાસ એ જી. ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજમાં કર્યો. આ પછી ૩૮ વર્ષ સુધી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ (મણિનગર, અમદાવાદ)માં અધ્યાપન કરી નિવૃત્ત થઈ. કોલૅજમાં કામ કરતાં કરતાં જ ડૉ. ચંદ્રકાંત ટોપીવાળાના માર્ગદર્શન હેઠળ પી. એચ. ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી. એમના હાથ નીચે કામ કરીને હું વિવેચન લેખન કરતી થઈ.

**"શિક્ષણને સર્જનાત્મક અને જીવનલક્ષી અભિગમથી રસાળશૈલીએ જીવંત બનાવી શકાય છે."**

## ૯. શિક્ષણ નીતિ અને શિક્ષણનું બજેટ : હાથીના દાંત - ચાવવા અને બતાવવાના જુદા જુદા

- હેમંતકુમાર શાહ

**આજે GSTV પરની શિક્ષણના કેન્દ્રીય બજેટ પરની ચર્ચામાં જણાવેલા મુખ્ય મુદ્દા :**

(૧) નવી શિક્ષણ નીતિમાં GDPના ૬. ૦ ટકા જેટલું ખર્ચ શિક્ષણ માટે કરાશે એમ કહેવામાં આવ્યું છે. નવી શિક્ષણ નીતિ આવી પછી ચાલુ વર્ષનું બજેટ આવ્યું હતું અને તેમાં શિક્ષણ માટેનું ખર્ચ વધવાને બદલે ઘટ્યું હતું !! તે ૯૯, ૩૧૧ કરોડથી ઘટીને ૯૩, ૨૨૩ કરોડ થયું હતું ! નીતિ અને બજેટ વચ્ચે સાવ જ વિરોધાભાસ છે ! હાથીના દાંત જેવું છે આ બધું. શિક્ષણને પ્રાથમિકતા આપવી જરૂરી છે.

(૨) જો સરકાર ખરેખર જીડીપીના ૬. ૦ ટકા ખર્ચ શિક્ષણ માટે કરવા માંગતી હોય તો તેણે ૨૦૨૨-૨૩ના બજેટમાં ૨૩૨ લાખ કરોડની જીડીપીને ધ્યાનમાં લેતાં તેના માટે બે ટકાના હિસાબે ૪. ૬૪ લાખ કરોડનું ખર્ચ તો અંદાજવું જ જોઈએ.

(૩) ચાલુ વર્ષનું બજેટ ૩૪. ૮૩ લાખ કરોડનું છે. નવા વર્ષનું બજેટ ૩૯. ૫૦ લાખ કરોડનું તો આવશે જ એમ લાગે છે. જો ૪.૬૪ લાખ કરોડનું ખર્ચ શિક્ષણ માટે કરવામાં આવે તો પણ તે કુલ બજેટના માત્ર ૧૧. ૭૫ ટકા જ થાય. ચાલુ વર્ષે તો બજેટના ફક્ત ૨. ૬૭ ટકા જેટલું જ ખર્ચ અંદાજવામાં આવ્યું છે. જો આશરે બાર ટકા જેટલું ખર્ચ ના કરવામાં આવે તો દેશમાં શિક્ષણની સ્થિતિ સુધરે તેવી કોઈ જ શક્યતા નથી.

(૪) નવી શિક્ષણ નીતિમાં GDPના ૬. ૦ ટકા જેટલો ખર્ચ શિક્ષણ માટે કરવામાં આવશે એમ કહ્યું છે પણ રાજ્યો અને કેન્દ્ર સરકાર વચ્ચે એ કેવી રીતે વહેંચાય તેની વાત કરવામાં આવી નથી. કેન્દ્ર સરકારે પોતાના ૨. ૦ ટકા રહેશે એવું સ્પષ્ટ રીતે આ બજેટમાં જાહેર કરવું જોઈએ.

(૫) કેન્દ્ર સરકાર બજેટમાં માત્ર એક વર્ષ નહિ પણ સળંગ દસ વર્ષ સુધી લઘુતમ ૧૨ ટકા જેટલી રકમ ખર્ચે તો જ જે ખાદ્ય શિક્ષણ માટેનાં

માળખાંમાં છે તે દૂર થઈ શકે તેમ છે. જો એ નહિ થાય તો ખાનગીકરણ વધતું જ જશે એમાં કોઈ શંકા નથી.

(૬) કેન્દ્ર સરકાર જીડીપીના બે ટકા જેટલું ખર્ચ કરે અને રાજ્યોને તેમની જીડીપીના ચાર ટકા જેટલું ખર્ચ કરવાની ફરજ પાડે. જે રાજ્ય સરકાર એટલું ખર્ચ કરે તેને જ કેન્દ્ર સરકાર શિક્ષણ માટે બાકીની બે ટકા જેટલી સહાય કરશે એવી શરત મૂકી શકાય.

(૭) પંદરમા નાણાં પંચે ૨૦૨૧-૨૬ ના પાંચ વર્ષના ગાળા માટે શિક્ષણ માટે ૧૧, ૨૧૩ કરોડની ગ્રાન્ટ કેન્દ્ર રાજ્ય સરકારોને આપે તેવી ભલામણ કરી છે. આ રકમ તો જરૂરિયાતમાં રાઈના દાણા જેવી છે. આમાં બહુ મોટો વધારો કરવાની અને તે માટે બજેટમાં જોગવાઈ કરવાની જરૂર છે.

(૮) નવી શિક્ષણ નીતિમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ૨૦૩૫ સુધીમાં ૫૦ ટકા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જો ઉચ્ચ શિક્ષણ પાછળ સરકાર ખર્ચ ના વધારે તો ધારેલું પ્રમાણ સિદ્ધ થાય પણ તેમાં ખાનગીકરણ વધશે.

(૯) ભારત સરકારની સંસ્થા NSO એમ જણાવે છે કે ૨૦૧૭-૧૮માં ૬-૧૭ના વય જૂથમાં ૩. ૨૨ કરોડ બાળકો શાળાએ જતાં જ નહોતાં. કોરોના કાળમાં આ સંખ્યા બમણી થઈ હોવાનો અંદાજ નિષ્ણાતો મૂકે છે. શું કેન્દ્ર સરકારને આ આંકડાની ગંભીરતા સમજાય છે ખરી?

(૧૦) શિક્ષકો અને અધ્યાપકો માટેની સ્થિર પગારની અને કોન્ટ્રેક્ટ પદ્ધતિ તત્કાલ રદ કરવા માટે જે ખર્ચ કરવો પડે તેની જોગવાઈ બજેટમાં થવી જોઈએ. નહિ તો IAS અધિકારીઓને પણ સ્થિર પગારે પાંચ વર્ષના કોન્ટ્રેક્ટ પર રાખવા જોઈએ !!!

(૧૧) આઠ ધોરણને બદલે દસ ધોરણ સુધીનું એટલે કે પહેલી જાહેર પરીક્ષા સુધીનું પ્રાથમિક શિક્ષણ કરવા RTE ધારામાં સુધારો કરવો જોઈએ અને તે માટેની વ્યવસ્થા કરવા માટે તમામ ખર્ચની જોગવાઈ તત્કાલ કરવી જોઈએ.

# ૧૦. ભારતીય શિક્ષણમાંથી શ્રમની બાદબાકીઃ પરિણામો

**પ્રકાશ મહેતા**
**- રણછોડ શાહ**

પ્રાચીન ભારતીય શિક્ષણની વ્યવસ્થાના પાયામાં રહેલ શ્રમની વિભાવના વર્ષો જતાં ધીમે ધીમે ઘટતી ગઈ અને વર્તમાનમાં તો તેનો લગભગ છેદ ઊડી ગયો હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. ભારતીય પરંપરામાં તો વિદ્યાર્થી ગુરુને ઘરે રહી શિક્ષણ પ્રાપ્ત કરતો. ત્યારે માત્ર પુસ્તકિયા શિક્ષણની વાત નહોતી. શિષ્યનો સર્વાંગી વિકાસ શિક્ષણના કેન્દ્રમાં હતો. તે સમયે સ્વાભાવિક રીતે જ જ્ઞાનની સાથે શ્રમ જોડાઈ જતો. મગજને જેવી રીતે કસરત કરવી પડતી તેવી જ રીતે શરીરના અન્ય અંગો પણ વિવિધ કાર્યોમાં વ્યસ્ત રહેતા હતા. ગુરુને ત્યાં રહી અભ્યાસ કરતી વખતે બળતણ લાવવાની જવાબદારી પણ શિષ્યોના શીરે સ્વાભાવિક રીતે રહેતી. ત્યારે પગ તો શ્રમ કરતા પરંતુ હાથને પણ જરૂરી વ્યાયામ પ્રાપ્ત થઈ જતો. અહીંયા શ્રમની કેળવણી આપવાની જરૂરિયાત ઉત્પન્ન થતી નહીં કારણ કે શ્રમ કેળવણીનું એક અવિભાજ્ય અંગ હતું. વાલીઓ પણ આ બાબતે સહમત હતા એટલું જ નહીં પરંતુ આવી શારીરિક પ્રવૃત્તિઓનું સ્વાગત કરતા. દીકરો રાજાનો હોય કે રંકનો પરંતુ તેને માટે શારીરિક શ્રમ કરવો ફરજિયાત હતું.

પરંતુ વીસમી સદીના ઉત્તરાર્ધમાં અને એકવીસમી સદીના પૂર્વાર્ધમાં આ વાત સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ. જ્યારથી શાળાઓમાં વિધિવત શિક્ષણની પરિસ્થિતિ ઊભી થઈ ત્યારથી પરિશ્રમની પરંપરા વાત કેળવણીની વાત ઘસાતી ગઈ. સ્વાવલંબન શબ્દ માત્ર શબ્દકોશમાં રહી ગયો. ગાંધીજીની પાયાની કેળવણીમાં જાતકમાઈ કેન્દ્ર સ્થાને હતી. બુનિયાદી શિક્ષણમાં પોતાની જરૂરિયાતો જાતે ઊભી કરવાનું સ્વીકારી લેવામાં આવ્યું હતું. સ્વાતંત્ર્યની ચળવળ દરમ્યાન આ બાબત જીવન વ્યવહાર સાથે જોડાઈ ગઈ હોવાથી તેના તરફ વિશિષ્ટ નજરે જોવાની જરૂરિયાત ઊભી થતી નહોતી. આઝાદીના સંગ્રામમાં જોડાયેલ સ્વાતંત્ર્ય સેનાનીઓ સ્વાવલંબી હોય જ તેવી વિચારસરણી સ્પષ્ટ હતી. તેઓ જાતે કાંતી તૈયાર થયેલ ખાદીનાં વસ્ત્રો પહેરતા.

તેઓ સ્વયંપાકી હતા. પોતાનાં વસ્ત્રો જાતે ધોવા માટે કોઈની સૂચનાની રાહ

જોવાની નહોતી. જો આ બધા વ્યવહારો જોઈએ તો સ્પષ્ટ સમજાય છે કે ગાંધીજન પરિશ્રમી ન હોય તો જ નવાઈ. પરંતુ સ્વતંત્રતા પ્રાપ્તિ બાદ આ બાબતે આઘાતજનક પરિવર્તન આવી ગયું. અહીંયાં એક સ્વાનુભાવની વાત કરવાનું ઉચિત સમજું છું. ૧૯૭૫ના ડીસેમ્બર માસમાં મારી ભારત સરકાર દ્વારા મીનીસ્ટ્રી ઑફ એજ્યુકેશન, દારેસલામમાં એજ્યુકેશન ઓફીસર તરીકે નિમણૂક કરવામાં આવી હતી, મારે ત્યાંની કોઈપણ શાળામાં જઈ શૈક્ષણિક કાર્ય કરવાનું હતું. તે સમયે ત્યાં 'નૂતન ગણિત' (Modern Mathematics)ની શાળા કક્ષાએ શરૂઆત થઈ રહી હતી. મને ત્યાં નગન્ઝા સેકન્ડરી સ્કૂલ (Naganza Secondary School, Nagazi, Musanza)માં એજ્યુકેશન ઑફિસરની કામગીરી સોંપવામાં આવી. આ વિદ્યાર્થિનીઓની શાળા હતી. લગભગ ચારસો વિદ્યાર્થિનીઓ હોસ્ટેલમાં રહેતી. ત્યાં રહેવા-જમવાનો ખર્ચ સરકાર ઉપાડતી. શિક્ષણની તમામ વ્યવસ્થા નિઃશુલ્ક હતી. શાળાનો સમય સવારે ૮-૦૦થી બપોરે ૨-૦૦ કલાક સુધીનો રહેતો. પ્રત્યેક શાળાને સંલગ્ન એક મોટું ખેતર આપવામાં આવતું. તેને તેઓ 'સાંભા' તરીકે ઓળખતા. આ 'સાંભા'માં જમીન અને હવામાનને અનુરૂપ પાક લેવાની જવાબદારી જે તે શાળાના શિક્ષકોની રહેતી, અમારી શાળા તરફથી કપાસની ખેતી કરવામાં આવતી. તમામ વિદ્યાર્થિનીઓએ સોમવારથી શુક્રવાર રોજ સાંજે ચારથી છ દરમ્યાન સભામાં જવું ફરજિયાત હતું. શાળાના ખર્ચના પચાસ ટકા રકમ આ ખેતરમાંથી પ્રાપ્ત થાય તેવી વ્યવસ્થા હતી. અહીંયાં વિદ્યાર્થિનીઓ સાથે શિક્ષક ભાઈઓ-બહેનોએ પણ જોડાવાનું ફરજિયાત હતું. આ રીતે શિક્ષક અને શિષ્ય સાથે મળીને શ્રમ કરવાનું સ્વાભાવિક હતું. મારો ઉછેર મોટા શહેરોમાં થયો હોવાથી ખેતી અને ખેતર બાબતે હું તદ્દન અજાણ હતો. ત્યાંના લોકોની સમજ એવી હતી કે ભારત તો ખેતીપ્રધાન દેશ છે એટલે સૌને ખેતી આવડે જ. શરૂઆતમાં મારી સ્થિતિ અત્યંત ક્ષોભજનક હતી. ધીમે ધોમે થોડુંક શીખી ગયો, પરંતુ શ્રમનું મહત્ત્વ સમજતો હતો. આપણને તો વારસામાં મળેલ પરિશ્રમની સમજ પણ આપણે વિસારે પાડી દીધી.

એક જમાનામાં ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી હતી, જે આજે તદ્દન વિરુદ્ધ બની ગયું છે. સ્વતંત્રતાના સાત દસકા બાદ સમાજમાં શ્રમ પ્રત્યે સુગ ઊભી થઈ ગઈ છે. આ કમનસીબ પરિસ્થિતિ છે. જેમ જેમ શિક્ષણનું પ્રમાણ વધ્યું તેમ તેમ 'વ્હાઈટ કોલર' કામની માગ વધતી રહી. હાથ અને પગ હલાવ્યા વિના

આર્થિક ઉપાર્જન કરી શકે તેની ગણતરી હોશિયારમાં થવા માંડી. આજના વરિષ્ઠ નાગરિકો તેમના શાળા-કૉલેજના દિવસોમાં શિક્ષણ પ્રાપ્ત કરવા ચાલતા જતા. ક્યારેક સાઇકલનો ઉપયોગ કરતા, પરંતુ આજે બહુ જ ઓછા વિદ્યાર્થીઓ શાળામાં વાહનના ઉપયોગ વિના આવતા હશે. આજનો વાલી જ તેનું બાળક શ્રમ દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરે તેમ ઇચ્છતો નથી. એટલું જ નહીં શાળા તેવી કોઈ પ્રવૃત્તિ કરે તો તે તેની ટીકા કરે છે. અહીંયાં ઍમિટી શાળાના કેટલાક અનુભવો વર્ણવવાનું ગમશે.

શાળાની સ્થાપના ૧૯૮૬માં થઈ. શાળાએ ત્રણ દસકા કરતાં વધુ સમય સુધી કાર્ય કર્યું. ત્રણ અનુભવોના આધારે તેની મુલવણી કરવાનો પ્રયત્ન કરીએ. શાળાની શરૂઆતમાં આર્થિક સંકડામણ ભયંકર હતી. શક્ય હોય ત્યાં સુધી ખર્ચ ન થાય તે કેન્દ્રસ્થાને રહેતું. શાળાનું હાલનું મકાન છે તેનાથી લગભગ અડધો કિલોમીટરના અંતરે શાળાનું કામકાજ ભાડાના મકાનમાં ચાલતું હતું. શાળાનું મકાન બદલવાની પરિસ્થિતિ ઊભી થઈ ત્યારે તમામ ફર્નિચર કબાટ અને અન્ય રાચરચિલું શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભેગા મળીને ઊંચકીને લઈ આવેલા. કોઈ વાલીએ બાળકો પાસે મજૂરી કેમ કરાવો છો પૂછ્યું નહોતું. તે સમયે શાળાનું રંગરોગાન શાળા પરિવાર જાતે કરતો હતો. શાળાનો કાર્યક્રમ હોય ત્યારે મંડપ બાંધવાની અને છોડવાની જવાબદારી સૌ હોંશે હોંશે નિભાવતા. આ કાર્યમાં શાળાનો કરીમ નામનો એક વિદ્યાર્થી નિષ્ણાત હતો. વાંસને કચકચાવીને બાંધવાની તેની પાસે ઉત્તમ હથોટી હતી. આજે તે બહુ મોટાપાયે ફરાસખાનના વ્યવસાય સાથે જોડાયેલ છે.

ધીમે ધીમે શાળાએ પ્રગતિ કરતાં પ્રાર્થના પ્રવચન દરમ્યાન વાપરવામાં આવતાં લાઉડ સ્પીકર ખરીદી લીધાં. આ કામગીરી શરૂઆતમાં શિક્ષકો નિભાવતાં, ધીમે ધીમે શાળાના અનેક વિદ્યાર્થીઓ મદદ કરવા લાગ્યા. તેમાં મનન નામનો એક અત્યંત ઉત્સાહી વિદ્યાર્થી હતો. તે શાળા સમય કરતાં ખૂબ વહેલો આવતો. માઈક અને સ્પીકર ગોઠવીને પ્રાર્થના માટે સંપૂર્ણ તૈયારી કરી રાખતો. તે શિક્ષકોનો લાડકો બની ગયો. ધ્વની વિજ્ઞાન તે પ્રાથમિક શાળાથી સાહજિક રીતે શીખ્યો. આજે તે એલ. જી. અને સોની જેવી બ્રાન્ડના શો-રૂમનો માલિક બની ગયો છે.

આજે તો પરિસ્થિતિ એવી ઊભી થઈ છે કે ક્યારેક કોઈ દિવસ પ્રાર્થના લાંબી ચાલે તો એકાદ વિદ્યાર્થી ત્યાં જ ગબડી પડે છે. સમુહ કવાયતના તાસમાં આઠ-દસ વિદ્યાર્થીઓ એક કે બીજું બહાનું બતાવી તેમાંથી મુક્તિ મેળવવા પ્રયત્ન કરે છે. નાનકડી બીમારીમાં પણ શાળામાં રજા પાડે છે. ક્યારેક શાળા દ્વારા શારીરિક કે વ્યાયામની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે થોડાક વધારે પ્રયત્ન થાય તો વાલીને તે ગમતું નથી. તે તરફ તેઓની નારાજગી સ્પષ્ટ નજરે પડે છે. ક્યારેક તો શાળાએ લાંબા વાદવિવાદમાં પડવું પડે છે. આ સંજોગો શાળા પણ નિરૂત્સાહી થઈ શ્રમના કાર્યોમાં વિદ્યાર્થીઓને સામેલ કરવાનું ટાળે છે. વાલી પણ જણાવે છે કે જરૂર પડે આર્થિક રકમ માગી લો પરંતુ બાળકોને શ્રમના કાર્યમાં સામેલ કરશો નહીં.

આ તમામ પરિસ્થિતિના પરિણામો સમાજમાં સ્પષ્ટપણે નજરે પડે છે. હૃદયરોગનું પ્રમાણ દિવસે દિવસે ખૂબ વધી રહ્યું છે. લો અને હાઈ બી. પી. ના દર્દીઓ મોટી સંખ્યામાં જોવા મળે છે, પ્રત્યેક કુટુંબમાં ઓછામાં ઓછો એક ડાયાબિટીસનો દર્દી તો જરૂરથી જોવા મળશે જ. જંકફૂડને કારણે મોટાપામાં (Obesity) ખૂબ વધારો જોવા મળે છે. વ્યાયામથી દૂર રહેતા બાળકો યુવાનીમાં પણ હાથપગનો ઉપયોગ કરતા નથી અને બહુ નાની ઉંમરે અનેક રોગોના ભોગ બને છે. 'પહેલું સુખ તે જાતે નર્યા'ની સમજ તો શૈક્ષણિક સંસ્થા જ વિકસાવી શકે. પરંતુ આ બાબતે વાલીઓનો સહકાર પ્રાપ્ત થવો અત્યંત આવશ્યક છે.

શિક્ષણમાંથી શ્રમની બાદબાકી થતાં બેરોજગારીની મોટી ફોજ ઊભી થઈ ગઈ છે. એક બાજુ અનેક યુવકો નોકરી માટે ફાંફાં મારે છે. બીજી બાજુ પ્લમ્બર, ઈલેક્ટ્રિશિયન, ટેલરીંગ વગેરે જેવા વ્યવસાયો માટે Skilled Manpower નો મોટો અભાવ છે. હવે તો મોટી મોટી ડિગ્રીવાળા યુવાનો અને યુવતીઓ પણ Jobless છે. કારણ તેઓ જે ઉદ્યોગમાં જોડાય ત્યાં નાનું મોટું શ્રમનું કાર્ય ચીંધવામાં આવે તો તેઓ તરત જ ના પાડી દે છે. શ્રમની સુગને કારણે ભારતીય અર્થતંત્રમાં માગ અને પૂરવઠો વ્યસ્ત પરિસ્થિતિમાં મૂકાઈ ગયો છે. આપણા યુવાનો પરદેશ જઈને કોઈપણ પ્રકારનું કાર્ય કરવા તત્પર હોય છે, પરંતુ દેશમાં તેવા જ પ્રકારનું કામ કરવામાં શરમ અનુભવે છે. આપણા સમાજે શ્રમને શ્રેષ્ઠ ગણવાને બદલે કનિષ્ઠ સમજવાનું વલણ અપનાવ્યું હોવાથી શારીરિક, માનસિક અને આર્થિક રીતે આપણે પાછળ પડી રહ્યા છીએ.

શ્રમનું મહત્ત્વ અને સમજણ શિક્ષણ સંસ્થાઓ જ આપી શકે. વાલીઓએ આ બાબતે જાગૃત થઈ મદદરૂપ બનવાનું છે. હાલની પરિસ્થિતિમાં શિક્ષણમાંથી શ્રમનું મહત્ત્વ ઘટવાથી નીચેના જેવાં પરિણામો સામે આવી રહ્યાં છે :

(૧) **શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે સંવાદિતામાં ઘટાડો :** 'લર્નિંગ બાય ડુઇંગ'ના ખ્યાલમાં પ્રોજેક્ટ, ફિલ્ડ ટ્રીપ અને તેવા ઘણા પ્રયોગો કરવાના હોય છે. પણ મોટાભાગના પ્રોજેક્ટ મા-બાપ જ બાળકને બનાવી આપે છે. હવે તો પ્રોજેક્ટ બજારમાં તૈયાર પણ મળે છે. આ આખી પ્રક્રિયામાં શિક્ષક તેના વિદ્યાર્થીની પાસે બેસે, તેનાં સલાહ-સૂચન આપે, ભૂલો બતાવે, ભૂલો પર તથા પોતાની મૂર્ખામી પર હસી શકે તો વિદ્યાર્થીને શિક્ષક નજીકથી ઓળખે, તેનાં વલણો માપી શકે. પણ કાગળ કાપવા જેવી નાની બાબતમાં વાગી જશે, રહેવા દે, હું કાપી આપું છું, જેવા મા-બાપના વહાલને કારણે બાળક શિક્ષકથી અળગું થાય છે. અહીં એક પ્રસંગ ટાંકવાનું મન થાય છે.

દિવાળી વેકેશનમાં શિક્ષિકાબહેને એક મોડેલ બનાવવાનો પ્રોજેક્ટ આપ્યો હતો. આ દિવસોમાં શિક્ષિકાબહેનને સામાજિક સંબંધોને કારણે આ જ વર્ગના એક બાળકને ઘેર જવાનું થયું. બપોરના સમયે મા પ્રોજેક્ટ બનાવતી હતી અને બાળક બેઠો-બેઠો વીડિયો ગેમ રમી રહ્યો હતો. આથી શિક્ષિકાબહેને બાળકને પૂછ્યું કે બેટા તું કેમ પ્રોજેક્ટ નથી બનાવતો ? ત્યારે બાળકે આપેલો જવાબ તમામ મા-બાપને કંપાવી મૂકે તેવો હતો. તેણે જણાવ્યું કે 'હવે તો મારા બાળકો થશે, ત્યારે જ મારી માની જેમ મને પ્રોજેક્ટ બનાવવા મળશે !' આ બાબતે બાળકની માને ઠપકાની ભાષામાં પૂછતાં તેમણે જણાવ્યું કે બાળક બનાવે તો તેનું ફિનીશિંગ સરખું ના આવે અને ઓછો ગ્રેડ મળે તો મારું બાળક વર્ગમાં પાછળ રહે. આથી તેનો આત્મવિશ્વાસ ડગી જાય. અહીં શાળાઓનો પણ વાંક છે, શું કામ આવા સ્વાનુભવના કામ ઘેર સોંપવામાં આવે છે ?

(૨) **રમત-ગમતની પ્રવૃત્તિઓની ઉપેક્ષા :** જેને શરીર હલાવવાનું ગમતું જ નથી તેવાં બાળકો રમતના તાસમાં જાત-જાતની બીમારીનાં બહાનાં કાઢી મેદાનની બહાર બેસે છે. આ જ બાળક આવી મેદાની રમતો વીડિયોગેમ પર સરસ રીતે સોફા પર બેઠો-બેઠો, પોપકોર્ન ખાતો - ખાતો રમે છે. હવે

આવું બાળક સ્થૂળતાનો ભોગ ના બને તો જ નવાઈ. કેટલાંયે બાળકો તો શારીરિક શ્રમ ન કરવાના, ધૂળની એલર્જી હોવાના મેડિકલ સર્ટિ પણ લાવે છે, શક્ય છે કે અમુક દિવસો પૂરતું આરામની જરૂર હશે પણ કશુંક થઈ જશેની લ્હાયમાં બાળકને સતત રમતગમતથી અળગો રાખવાથી તેની આંતરિક ઊર્જા બહાર આવતી નથી. ' તે બૂમો પાડી શકતો નથી, જીતવા માટે ઝનૂન પેદા કરી શકતો નથી, કબડ્ડીમાં કોઈને ધક્કો મારી શકતો નથી. આથી આવાં બાળકો વર્ગમાં ઘોંઘાટ કરે છે. આખું શાળાજીવન માત્ર બારમા ધોરણમાં સારું મેરિટ કઈ રીતે બનાવવું તેની ગોઠવણમાં જ પૂરું થાય છે. કારણ કે પી. ઈ. ના માર્ક્સ તો મેરિટમાં ક્યાંયે ગણાતા જ નથી ! કોણ સમજાવે કે રમતો રમશે તો સારા માર્ક્સ આવવાની શક્યતાઓ વધશે, ખેલદિલીની ભાવનાનો વિકાસ થશે.

(૩) **વિદ્યાર્થીની વર્ગખંડની એકાગ્રતામાં ઘટાડો** : દરેક વર્ગખંડમાં બે-ચાર વિદ્યાર્થી એવા હોય જ છે જેઓ ખૂબ ચંચળ-અધિરા હોય છે. ભણાવનારને ઘણીવાર એવું થાય છે કે આ વિદ્યાર્થીઓને હું કઈ રીતે ભણાવું - સમજાવું. સંશોધનો દ્વારા એવું ફલિત થયું છે કે શારીરિક શ્રમની પ્રવૃત્તિઓ પછી બાળક એકાગ્રતાથી ભણે છે. તેના દિલ-દિમાગમાં થિયરી ભણવા માટેનો જે અભાવ હોય છે, તે ઘટે છે. બીજા વિદ્યાર્થીઓની સાથોસાથ આ વિદ્યાર્થીઓએ પણ કામ કરવાનું હોય છે. આથી તે અન્યોની કાબેલિયત સમજી શકે છે અને તેવું કરવાનો પ્રયત્ન કરે છે. જેથી તેનામાં રસ પેદા થાય છે. રસ પેદા થશે તો જવાબદારી સમજાશે અને અંતે એકાગ્રતા વધશે.

(૪) **સમૂહજીવનમાં અગવડતા :** આરામદાયક મુસાફરી કરનાર, ઉચ્ચ કક્ષાના ઘરોમાં રહેનાર અને તમામ ભૌતિક સુખો ભોગવનારને ક્યારેક લોકસમુદાયની વચ્ચે લોકલાજે રહેવું પડે છે, ત્યારે આવા લોકો અસુવિધાને કારણે અકળામણ અનુભવે છે. ફૂટપાથ પર સૂતેલાને એ.સી. રૂમમાં સુવામાં મજા આવશે પણ એ. સી. રૂમવાળાને પંખા નીચે પણ ઊંઘ નહીં આવે. વિદ્યાર્થી અવસ્થામાં થોડું વેઠવાની ટેવ ન વિકસાવનાર આગળ જતાં ખૂબ દુઃખી થાય છે, કારણ કે 'એક સરખા દિવસો કોઈના જાતા નથી... ' આપણે જોઈ રહ્યા છીએ કે વૈભવી જીવન જીવતા પ્રજાજીવનમાં આવેલ

કેટલાયે પ્રજાના પ્રતિનિધિઓ ઘેર-ઘેર વોટ માગવા ભર ઉનાળામાં જનસંપર્ક નથી કરી શકતા... આથી તેમની લોકપ્રિયતા ઘટે છે. જો અગવડતા વેઠવાની ટેવ પાડી હોત તો લોકોના પ્રશ્ન ઝડપથી સમજી શકાય અને ઝડપથી લોકચાહના મેળવી શકાય છે. બુલેટ ચલાવતા બાબા કરતા લોકો પગપાળા સાધુને વધારે માન આપે છે.

(૫) **સુઝ-બુઝમાં ઘટાડો :** આજકાલ સાઈકલની ઉતરી ગયેલ ચેન પણ વિદ્યાર્થી જાતે ચઢાવી શકતો નથી, પંકચર બનાવવાની કે જાતે સર્વિસ કરવાની તો વાત જ જવા દો. કૉલેજમાં ભણતી દીકરીઓના સ્કૂટીમાં પેટ્રોલ પણ પપ્પા ભરાવી આપે છે, કારણ કે નર્સરીથી આજ મા-બાપે બાળકોની સ્કૂલ બેગ ઊંચકવાનું શરૂ કર્યું હતું. ભાર વગરના ભણતરનો અર્થ આપણા સમાજે માત્ર દફ્તરના ભાર સુધી જ સીમિત રાખ્યો છે. ફયુઝ બદલતાં કે બલ્બ બદલતાં ન આવડે તેણે આખી રાત અંધારામાં વિતાવવી જ પડે. જો મા-બાપ બાળકોને થોડા પણ અથડાવા નહીં દે તો વાસ્તવિક જિંદગીમાં આ બાળકો દૂર ફેંકાઈ જશે. આજે ઘણા લોકોને એવી વાતો કરતાં સાંભળીએ છીએ કે ફલાણા ભાઈ-બહેન અમારી સાથે ભણતા હતા, ભણવામાં ઢબ્બુ હતા પણ અચાનક નસીબ ચમક્યું અને રાતોરાત ધનપતિ બની ગયા. હકીકતમાં આ ઢબ્બુએ સમાજની ઠોકરો ખાઈ-ખાઈ જીવન જીવવાના ઘણા પાઠો યુવાન બનતા પહેલાં તે શીખી ગયો હોય છે. આથી તેને અપમાન કે શ્રમનો માનસિક આઘાત નથી લાગતો, કારણ કે જીવનમાં આગળ વધતી વખતે બધી જગ્યાએ મેરિટ લિસ્ટ નથી બનતું.

**પ્રિ. પ્રકાશ મહેતા**

**રણછોડ શાહ**

# ૧૧. ઈતર વાચનમાં વિવેકની જરૂર

**- તુલસીભાઈ પટેલ**

વડીલોની એક સામાન્ય ફરિયાદ છે કે આજકાલનાં યુવક યુવતીઓનું વાચન ઘટી ગયું છે. વાત સાવ સાચી છે. આજે ટી. વી., કમ્પ્યૂટર, ઈ-મેઈલ વગેરે ઈલેકટ્રોનિક મીડિયાનો પ્રભાવ એટલો બધો છે કે એની આગળ પ્રિન્ટ મીડિયાનો જાણે કોઈ ક્લાસ નથી !

પુસ્તકો વાંચવાનું સદંતર બંધ થયું છે, એવું પણ નથી. આ અગાઉ જેટલાં ચોપાનિયાં, મેગેઝિનો કે પુસ્તકો પ્રગટ થતાં હતાં એના કરતાં આજે ઘણાં વધારે પ્રગટ થઈ રહ્યાં છે. સમજી શકાય એવી વાત છે કે જો માગ ન હોય તો ઉત્પાદન કેવી રીતે થાય ? પરંતુ ક્યા પ્રકારનાં ચોપાનિયાં કે પુસ્તકો પ્રગટ થાય છે, ને વધુ વંચાય છે, એ વિષે વિચાર કરવાની જરૂર છે.

ગુજરાતીમાં જ્ઞાનકોષના સંપાદનનું ભગીરથ કામ કરનાર શ્રી ધીરુભાઈ ઠાકર લખે છે : 'એમ કહેવાય છે કે બંગાળી અને મરાઠી પ્રજાને મુકાબલે ગુજરાતી પ્રજાની સાહિત્ય અભિરુચિ ઓછી છે. સાહિત્યિક ગુણવત્તાવાળાં પુસ્તકો કે સામયિકો ખરીદવાનો રસ સરેરાશ ગુજરાતીને ઓછો હોય છે. જો કે સસ્તું મનોરંજન પૂરું પાડતાં પુસ્તકો કે સામયિકો પાછળ તે ખર્ચ કરે છે. પરિણામે સત્ત્વહીન સાહિત્યનું ઉત્પાદન વધતું જાય છે. આ પરિસ્થિતિની વિપરીત અસર સમગ્ર પ્રજાની સંસ્કારિતા પર પડે છે.''

સસ્તું મનોરંજન પૂરું પાડનાર સાહિત્ય વધારે વંચાય છે. એ ખરેખર ચિંતાનો વિષય છે. એનો અર્થ એ છે કે જે સાહિત્ય વંચાવવું જોઈએ તે નથી વંચાતું, એથી ઊલટું જે ન વાંચવું જોઈએ, એ વધારે વંચાય છે. જીવનનું ઘડતર કરનાર સત્ત્વશીલ સાહિત્ય વાંચવું જોઈએ નહિ. ઉત્તમ સાહિત્ય વિષે કોઈએ લાક્ષણિક વ્યાખ્યા આપી છે કે, 'ઉત્તમ સાહિત્ય એ છે કે જેનાં વખાણ બધા કરે છે, પરંતુ જેને ભાગ્યે જ કોઈ વાંચે છે. ' ગુજરાતીની શ્રેષ્ઠ નવલકથા 'સરસ્વતીચંદ્ર'નાં આપણે સૌ વખાણ તો કરીએ છીએ, પરંતુ એને વાંચનાર કેટલા ?

આપણે જાણીએ છીએ કે હલકું સાહિત્ય ચારિત્ર્યને હાનિ પહોંચાડે છે. અર્થાત્

એનું વાચન એ ખોટનો ધંધો કરવા કરતાં ધંધો ન કરવો સારો. નુકસાનથી તો બચી શકાય ! હિન્દીમાં વીસમી સદીના આરંભમાં વાસના-ઉત્તેજક હલકી નવલકથાઓ વિપુલ પ્રમાણમાં પ્રગટ થતી હતી. યુવાન-યુવતીઓના ચારિત્ર્યનું પતન કરનારી આવી નવલકથાઓ વિષે જાણીતા વિદ્વાન બનારસીદાસ ચતુર્વેદીએ પોતાની ચિંતા પ્રગટ કરતાં ઉગ્ર શબ્દોમાં લખ્યું હતું કે :- मैं अपने भाई-बहनों को शराब पीने की इजाजत दे सकता हूँ, लेकिन वासना-उत्तेजक उपन्यास पढने की इजाजत नहीं दे सकता। અર્થાત્ હલકું સાહિત્ય શરાબ કરતાં પણ વધારે નુકસાન કરે છે. પરંતુ હલકું સાહિત્ય શારીરિક અને નૈતિક એમ બંને પ્રકારનું નુકસાન કરે છે.

આપણે ખાસ કરીને કિશોર અને યુવાન પેઢીની વાચન-રુચિ વિષે વિચાર કરવો જોઈએ. આ અવસ્થા એ એવી મુગ્ધાવસ્થા છે કે સંસ્કાર ઘડતર માટે એનું જેટલું મહત્ત્વ સમજીએ તેટલું ઓછું છે. આ અવસ્થામાં એ જે જુએ છે, સાંભળે છે, વાંચે છે, વિચારે છે એની ભાવિ-ઘડતર પર ગાઢ અસર પડે છે. વ્યક્તિત્વ-ઘડતરમાં વાચન અગત્યનો ભાગ ભજવે છે. ઉત્તમ અને સાત્ત્વિક સાહિત્ય વાંચવાનું ઘટી ગયું અને પરિણામે 'સંસ્કૃતિ', 'અભ્યાસ' જેવાં ઉત્તમ સામયિકો બંધ થયાં. 'અખંડ આનંદ', 'કુમાર' જેવાં સત્ત્વશીલ સામિયક બબ્બેવાર બંધ થયાં. , પણ આખરે શરૂ થયાં એ આપણાં સદ્‌નસીબ ગણાય.

યુવાન-યુવતીઓ ખાસ વાંચતા નથી, અને વાંચે છે તો હલકું સાહિત્ય વાંચે છે, આ દુઃખદ હકીકત છે, તો આપણે શું કરવું ઘટે ?

વાચન વિષે યુવાન ભાઈ બહેનોને માર્ગદર્શન આપવાની ખાસ જરૂર છે. સસાહિત્ય અને અસદ્ સાહિત્ય વચ્ચેનો ભેદ સમજાવવાની આવશ્યકતા છે. અહીં સંક્ષેપમાં. એના વિષે વિચારીએ.

સાહિત્યના અનેક પ્રકાર છે. કિશોર અને યુવાનોના ઘડતર માટે કયા પ્રકારનું સાહિત્ય વિશેષ ઉપયોગી છે, એની સ્પષ્ટ સમજ વિદ્યાર્થી ભાઈ- બહેનોને આપવી જોઈએ. ચારિત્ર્ય-ઘડતર માટે મહત્ત્વના ક્રમે આ સાહિત્ય પ્રકાર ઉપયોગી છે. (૧) આત્મકથાના વાચનથી વિદ્યાર્થીઓને પ્રેરણા મળી શકશે. ગાંધીજીની 'સત્યના પ્રયોગો' આત્મકથાએ કેટકેટલાં યુવકોને પ્રેરણા આપી છે ! નાનાભાઈ ભટ્ટની 'ઘડતર અને ચણતર' સ્વામી સચ્ચિદાનંદજીની 'મારા અનુભવો' વગેરે

આત્મકથા વાંચીને યુવાન ભાઈ-બહેનો મૂલ્યવાન પ્રેરણા-પીયૂષ પ્રાપ્ત કરી શકે છે. (૨) બીજા ક્રમે જીવનચરિત્રો આવે મહાન પુરુષોનાં જીવન ચરિત્રો આવે. મહાન પુરુષોના જીવન ચરિત્રો ચારિત્ર્ય ઘડતર માટે અત્યંત ઉપયોગી ગણાય. મુગ્ધ વિદ્યાર્થીઓ આદર્શોનાં સમણાં સેવતા હોય છે. ચારિત્ર્ય કથાઓમાં એમને Roll Model પ્રેરણામૂર્તિનાં દર્શન થાય છે. તે પોતે એવા થવા પ્રેરાય છે. પસંદ કરેલાં ઉત્તમ જીવનચરિત્રો વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરવાં ઘટે. (૩) ત્રીજા ક્રમે પ્રવાસ-વર્ણનો અને સાહસકથાઓ આવી શકે. ગુજરાતીનું પ્રવાસ-સાહિત્ય એકંદરે સમૃદ્ધ છે. કાકાસાહેબ કાલેલકર, સ્વામી સચ્ચિદાનંદજી, ભોળાભાઈ પટેલ, પ્રીતિસેન ગુપ્તા વગેરેએ ઉત્તમ પ્રવાસ વર્ણનનાં પુસ્તકો આપણને આપ્યાં છે. આપણાં યુવાન- યુવતીઓએ એનું સેવન કરવું જોઈએ અને વિશાળ સૃષ્ટિના અનુપમ સૌંદર્યનો પરિચય મેળવવો જોઈએ. પર્યાવરણ એટલે શું ? એનો ખ્યાલ એનાથી આવી શકશે. (૪) વૈજ્ઞાનિક અભિગમ વિકસે એવાં પુસ્તકો અને સામયિકો ખાસ વાંચવા ઘટે. ‘કુમાર’, ‘નવનીત- સમર્પણ’, ‘અખંડ આનંદ’, ‘ભુમિપુત્ર’, ‘નયા માર્ગ’, ‘અચલા’ ‘નિરીક્ષક, ’ ‘પરખ’ શબ્દસૃષ્ટિ, ‘તાદશ્ય’ જેવાં શિષ્ટ સાહિત્યનાં સામયિકો વાંચવા ઘટે.

નવલકથા, નવલિકા, કવિતા, નાટક, એકાંકી વાંચવાનો ઈન્કાર નથી, પરંતુ એને પ્રાયોરિટી-પ્રાથમિકતા ન આપી શકાય. નવલકથામાં ઘણી વાર પ્રેમના નામે શૃંગાર અને અશ્લીલ ચિત્રણ વધારે જોવામાં આવે છે, એટલે એમાં વિવેક કરવો ખૂબ જરૂરી છે. ક્લાસિકલ (પ્રશિષ્ટ) કૃતિઓનું સેવન કરવામાં વાંધો ન હોઈ શકે, બલ્કે જીવનને ઊંડાણથી પામવા માટે અને શુદ્ધ સૌંદર્યના અનુભવ માટે એનું અનુશીલન આવશ્યક ગણાય. ગો. મા. ત્રિપાઠી, મુનશી, મેઘાણી, પન્નાલાલ, ઉમાશંકર, સુંદરમ્, રાજેન્દ્ર શાહ, ધૂમકેતુ વગેરેની પ્રશિષ્ટ લલિત કૃતિઓ પણ ઉપકારક ગણાય.

વિદ્યાર્થીઓ સામે ઉત્તમ અને સાત્ત્વિક સાહિત્ય રજૂ કરવામાં આવે તો તેઓ એના પ્રત્યે અભિમુખ થઈ શકે. ‘આ ન વાંચશો’. એવું નકારાત્મક વલણ ધરાવવાને બદલે ‘‘આ વાંચો’’ એવું સકારાત્મક વલણ વિશેષ ઉપયોગી થઈ શકે. શિક્ષકોએ, વિશેષ કરીને ભાષા અને સાહિત્યના શિક્ષકોએ વિદ્યાર્થીઓને સાચું માર્ગદર્શન આપવું જોઈએ. શાળાના જનરલ પુસ્તકાલયમાં તથા વર્ગ પુસ્તકાલયમાં પ્રેરણાદાયી સત્ત્વશીલ સાહિત્ય વસાવવું ઘટે. વિદ્યાર્થીઓને

પુસ્તકાલયમાં લઈ જઈને ઉત્તમ સાહિત્યના સંપર્કમાં મૂકવા જોઈએ. વર્ગ પુસ્તકાલય પણ જરૂરી ગણાય.

સપ્તાહમાં એક પિરિયડ પુસ્તક આપ-લે માટે રાખી શકાય. અઠવાડિયા બે અઠવાડિયામાં વિદ્યાર્થી એકાદ સાત્ત્વિક પુસ્તક વાંચે તો મહિને બે-ત્રણ અને વર્ષે પચ્ચીસ ત્રીસ ઉત્તમ પુસ્તકોનો સહવાસ માણી શકે, જે એના ભાવિજીવનનું અમૂલ્ય ભાથું બની રહેશે.

ઉત્તમ પુસ્તકોની સંખ્યા મર્યાદિત હોવાની. ઉમાશંકર જોષી કહે છે; 'બહુ થોડા અનુભવે જ મેં એક શોધ કરી દે દુનિયાના ઉત્તમ ગ્રંથો બહુ નથી. એક બે કબાટમાં સમાઈ જાય. સંસારશાળામાં બેસીને જેમ-જેમ જીવનનો મહાગ્રંથ લખવાની ટેવ વધતી જાય છે, તેમ તેમ ગમે તેવાં પુસ્તકો પણ કંઈક ફિક્કાં લાગવા માંડે છે.'

વ્યક્તિત્વ-ઘડતર અને સ્વશિક્ષણ માટે પુસ્તકથી ઉત્તમ વસ્તુ બીજી કોઈ નથી. વિખ્યાત ચિંતક અને ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્બી કહે છે : "વિદ્યાર્થી જ્યારે કોઈ પુસ્તક ભંડારમાં પ્રવેશ કરે છે, ત્યારે તે સ્વશિક્ષણનું જબરું કામ કરે છે, ત્યાં અવનવાં પુસ્તકો નિરાંતે જોવાથી એ પોતાની મેળે સાહિત્યની સૃષ્ટિમાં વિહરતાં શીખે છે. આપમેળે પોતાનો માર્ગ શોધવો અને પછી રસ્તો કરતાં જવું, એ કેળવણીનું મોટું કામ છે."

કિશોરો, યુવક-યુવતીઓના વ્યક્તિત્વ-નિર્માણમાં પુસ્તકો અત્યંત મહત્ત્વનો ભાગ ભજવે છે, પરંતુ શું વાંચવું, ન વાંચવું એ વિષેનો વિવેક પણ ખૂબ જરૂરી છે. આ દિશામાં વાલીઓ, ખાસ કરીને શિક્ષકો જાગ્રત પ્રયાસ કરે એ અત્યંત આવશ્યક છે.

## ૧૨. શિક્ષણમાં સરકારની ભૂમિકા શું હોવી જોઈએ ? તે અંગે જુદાં જુદાં મંતવ્યો પ્રવર્તે છે.

આપણને એ જાણીને નવાઈ લાગે કે ફ્રાંસ જેવા ઉદાર મતવાદી દેશમાં પણ શાળાના અભ્યાસક્રમ ઉપર ચાંપતી દેખરેખ રાખવામાં આવે છે. શિક્ષણ દ્વારા વ્યકિતત્વનું ઘડતર થાય છે તે નિર્વિવાદ છે. આપણા દેશમાં લઘુમતીઓને તેમની ઓળખ જાળવી રાખવા માટે સવિશેષ અધિકારો અને સ્વતંત્રતા બક્ષ્યાં છે. બંધારણના ઘડતર સમયે કોઈને એવો ખ્યાલ નહોતો આવ્યો કે આ પ્રકારની વ્યવસ્થા રાષ્ટ્રીય એકતા માટે જોખમરૂપ બનશે. લઘુમતી દ્વારા માત્ર ધાર્મિક શિક્ષણ આપી અસહિષ્ણુતા, હિંસા અસમાનતા અને અન્યાયના પાઠો શીખવવામાં આવે તે બંધારણની મૂળ ભાવના સાથે સુસંગત નથી.

આજે સમય ઝડપથી બદલાઈ રહ્યો છે. UNESCOની નીતિ મુજબ શિક્ષણનો પાયાનો એક હેતુ સાથે સંવાદિતા સાથે સમૂહ જીવનને પ્રોત્સાહન આપવાનો છે. હકીકતમાં લઘુમતી સંચાલિત ધાર્મિક શિક્ષણનો કાર્યક્રમ જોખમકારક બને ત્યારે ખાસ કરીને બંધારણની વિભાવના વિરુદ્ધ અભ્યાસક્રમ રાખી શકાય કે નહીં તે બાબતે નિર્ણય કરવો પડશે. આપણે આશા રાખીએ કે નવી શિક્ષણ નીતિના અમલ બાદ બંધારણની ભાવનાઓને સુદૃઢ કરે તેવા સમાન શૈક્ષણિક અભ્યાસક્રમો નક્કી કરવા અનિવાર્ય બનશે. કોઈની સ્વતંત્રતા સમગ્ર દેશ માટે જોખમ બની શકે નહીં અને જો બને તો તેને અવશ્ય રોકવી પડશે.

# ૧૩. વિદેશ જવાનો અભરખો શા માટે ?

**કૌશિક મહેતા**

અનેક લોકોનું સ્વપ્ન હોય છે કે, વિદેશમાં જોબ કરવી અને વિદેશમાં સેટ થઈ જવું. ખબર નહીં આવી ઈચ્છાઓ જોર કેમ પકડે છે. દેશમાં એવી તે કેવી સમસ્યા છે કે, વિદેશ જઈને જ બધું મેળવવું છે. એક સમય હતો કે, દેશમાં શિક્ષણની વ્યવસ્થા સાવ અપૂરતી હતી. પણ આજે સમય બદલાયો છે. હા, એ ખરું કે, કેટલીક સમસ્યા છે. ખાસ કરીને ગુણવત્તાની સમસ્યા છે. પણ ૭૫ વર્ષમાં ચિત્ર બદલાયું છે. આવી જ વિદેશમાં વસવા માટેની ઘેલછા છે. કેટલાક આંકડા ચોંકાવી દે એવા છે. દર વર્ષે હજારો ભારતીયો કાયમી રહેઠાણ અથવા નાગરિકત્વ મેળવવા માટે વિદેશ સ્થળાંતર કરે છે . હેનલે પ્રાઈવેટ વેલ્થ માઈગ્રેશન ડેશબોર્ડના ૨૦૨૩ ના અહેવાલ મુજબ આશરે ૬, ૫૦૦ માલદાર ભારતીયો (ઉચ્ચ કારકિર્દી ધરાવતા ભારતીઓ) દેશ છોડીને વિદેશ સ્થાયી થયા હતા. તેમણે એક સર્વે મુજબ ૧૦૦ માંથી ૨ ૨ અબજોપતિ ભારતીયો વિદેશમાં વસાવવા માગે છે.

વિદ્યાર્થીઓના આંકડા તો એનાથી વધુ મોટા છે. ૨૦૨૫ સુધીમાં ભારતમાંથી વિદેશ ભણવા જતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૧૫ લાખથી વધુ થઈ ગઈ છે અને આ આંકડો ૨૦૨૭ સુધીમાં ૩૦ લાખ સુધી પહોંચવાની શકયતા છે. એક અન્ય અહેવાલ મુજબ ૨૦૨૫માં આશરે ૧૮ લાખથી વધુ ભારતીય વિદ્યાર્થીઓ વિદેશમાં ભણવા ગયા હોવાનું જણાવાયું છે અને એમાંય અમેરિકા જવા માટેનું ઘેલું તો અજબ છે. ગુજરાતનાં લોકો અને એમાંય ખાસ કરીને ઉત્તર ગુજરાતના લોકો ગેરકાયદેસર, જોખમ લઈ અમેરિકા જવાના પ્રયત્નો કરે છે અને એમાં ફસાય છે, પકડાય છે અને ક્યારેક તો જીવ જાય છે. લાખો રૂપિયા ખર્ચી નાખે છે. કેટલાક લોકો ગેરકાયદેસર બ્રિટન કે અમેરિકા પહોંચી જાય છે અને નાનાં મોટાં કામ કરી જીવન ગુજારો કરે છે, પણ અમેરિકામાં ટ્રમ્પ શાસન દ્વારા કડક પગલાં લેવાય અને ગેરકાયદેસર વસતા ભારતીયોને પાછા ભારત ભેગા કરાયા અને કઈ રીતે ? કોઈ મોટા ગુનેગાર હોય એ રીતે પગમાં અને હાથમાં બેડીઓ નાખી મોકલાયા.

શા માટે વિદેશ જવું જ જોઈએ ? હા, એવા કોઈ વિષય હોય કે, એ અંગે ભારતમાં કોઈ સુવિધા જ ન હોય, પણ બાકી દેશમાં જીવન અઘરું છે એવું તો નથી જ અને વિદેશમાં બધું જ સારું છે એવું ય નથી અને એ કોરોના કાળમાં આપણે જોયું કે, ધનિક અને વિકસીત દેશોમાં કોરોના સારવાર માટે લોકો ભટકતા હતા. રોડ પર મરતા લોકોને પણ જોયા. હૉસ્પિટલોમાં જગ્યા જ નહોતી. એ હિસાબે ભારતે ઘણું સારું કામ કર્યું. રસી પણ બનાવી અને દુનિયાને પણ આપી.

આ વાત સમજવી પડશે કે, હવે ભારતે ઘણો વિકાસ કર્યો છે અને વિદેશ ગયા બાદ ઘણા લોકો પસ્તાય છે. પણ પાછા જશું તો લોકો શું કહેશે ? એ ડરે જેમતેમ જિંદગી વિતાવે છે. મા-બાપ વતનમાં રહેતાં હોય છે એમની હાલત બુઢાપામાં બગડે છે. આ કારણે સામાજિક સમસ્યા પણ સર્જાય છે. પરિવાર વિખેરાય છે, એટલે આવશ્યક ના હોય તો વિદેશ ભણવાથી કે ત્યાં સેટલ થવાની ઇચ્છાથી બચવું જોઈએ. ભારત દેશ રહેવા જેવો છે અને દેશ પ્રગતિના પંથે છે. એમાં આપણે ઘણા યોગદાન કરીએ એ ઇચ્છનીય છે.

## ૧૪. આપણી શિક્ષણ પ્રણાલીમાં રિસર્ચ માટે કોઈ જગ્યા નથી.

**અભિમન્યુ બસુ (ડેપ્યુટી હેડ)**

**- ધીરૂભાઈ અંબાણી, ઈન્ટરનેશનલ સ્કૂલ, મુંબઈ**

એમ. આઈ. ટી અને હાવર્ડ જેવી મોટી યુનિવર્સિટીઓ પોતાના તમામ અભ્યાસક્રમોને બધા માટે ખોલી રહી છે. જો કોઈ ઓનલાઈન અભ્યાસ કરવા માગે, તો તે એમાંથી અભ્યાસ કરી શકે છે. આ યુનિવર્સિટીઓ વિદ્યાર્થીઓને પોતાના સુધી પહોંચાડવા માગે છે. અભ્યાસક્રમનો કૉન્સેપ્ટ અને સ્કિલ ક્રિટિકલ થિંકિંગ પર આધારિત હોવા જોઈએ. જ્યારે વિદ્યાર્થીઓની પાસે વિવિધ સ્કિલ્સ હશે, તો તેમને કેરિયરનો વિકલ્પ પસંદ કરવામાં સરળ રહેશે. મતલબ, જેવા અભ્યાસક્રમ માઈક્રો સ્પેશિયલાઈઝેશનને પ્રોત્સાહન આપનારો હોવો જોઈએ.

શિક્ષણના વિકાસ માટે તેમાં સુધારો કરવાની જરૂર છે, એટલા માટે અભ્યાસની પદ્ધતિ પણ યોગ્ય હોવી જોઈએ. આના માટે શૈક્ષણિક સ્ટાફની સમયાંતરે તાલીમ જરૂરી છે. હવે ટેબ્લેટ અને ઈન્ટરનેટના માધ્યમથી પણ શિક્ષણ અપાઈ રહ્યું છે. બદલાતા સમયની સાથે નવા શૈક્ષણિક વિચારો રોજ સામે આવી રહ્યા છે. દેશમાં ટેક્નોલૉજીના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઊણપ વર્તાઈ રહી છે. ટેક્નોલૉજી સિવાયની સ્કિલ્સ પણ વિકસાવવી જોઈએ. રિસર્ચ કરવા માટે પ્રેરિત કરનારા અભ્યાસક્રમ હોવા જોઈએ. આ જ રીતે રિસર્ચ કરાવવા કે પછી તેના આધારિત અભ્યાસક્રમોનો સમાવેશ કરવો અત્યંત જરૂરી છે.

**- મારો શૈક્ષણિક અનુભવ**

# ૧૫. જો આપણું શિક્ષણ આવું હોય તો... ! ?
# ઘાતક પરીક્ષાઓ હટાવો

**- ડૉ. ધર્મેન્દ્ર પટેલ**

આજના વિદ્યાર્થીની સ્થિતિ દર્શાવતું કાર્ટૂન હમણાં એક અખબારમાં જોવા મળ્યું. એમાં શાળાએ જતું એક બાળક છે, જેના ગળામાં એક પાણીની બોટલ લટકી રહી છે અને સાથે છે એનું ભારેખમ દફ્તર ઊંચકીને ચાલતો એક નોકર. એકપણ શબ્દ બોલ્યા વગર આ એક કાર્ટૂન આપણને આપણી આજની શિક્ષણપ્રથા વિષે કેટલું બધું કહી જાય છે ! ખરેખર તો આજનો વિદ્યાર્થી 'શિક્ષણનો મજૂર' બની ગયો છે. આધુનિકતાથી શાળા છલકાઈ રહી છે. નવી નવી પદ્ધતિઓ અજમાવાઈ રહી છે, પણ એમાં ભણનારની મનોવેદના સમજવાની કોઈને જરા જેટલી પણ દરકાર નથી. એક ક્ષણ વિદ્યાર્થી બનીને વિચારી તો જુઓ. મંદિરને ગમે તેટલું શણગારીએ પણ અંદર બેઠેલા દેવની કાળજી રાખવામાં ન આવે તો... ? બસ, આવું જ કાંઈક આજના શિક્ષણમાં થઈ રહ્યું છે. શાળા, શાળાની દીવાલો, અરે દીવાલની ઈંટો પણ સુશોભિત કરાઈ રહી છે પણ એના સાચા દેવ, વિદ્યાર્થીને તો ધ્યાનમાં લેવામાં આવતો નથી.

વાઈબ્રન્ટ, ગતિશીલ કે પાણીદાર ગુજરાતની અવાસ્તવિક ચર્ચા ખૂબ થઈ. ભાડૂતી માણસો રોકી વખાણ પણ ખૂબ કરાવડાવ્યાં. રીતસરનું મહીમાગાન થતું રહ્યું અને થતું રહે છે. જો કે ચિત્ર સાવ જ અલગ છે. સમાજની સાથે આજે શિક્ષણવ્યવસ્થા પણ સાવ પડી ભાંગી છે. સિમેન્ટના જંગલોમાં કારખાનાની જેમ ખાનગી શાળાઓ નવા મજૂરો તૈયાર કરે છે. સરકારને આર્થિક ભાર ઘટાડ્યાનો અપાર આનંદ છે. તો સામે છેડે 'શિક્ષણના નામે પૈસા છાપતા' વેપારીઓ અતિખુશ છે. રોજ ભાત ભાતના 'તાયફા' કરી શિક્ષણને અખબારના પાને ચમકાવ્યા કરે છે. પથ્થરોને ઘસી ઘસી ઉજળાં કરે છે અને હીરાને ઝાંખા કરે છે. સરકાર તો કોઈ પણ નિર્ણય કરતાં પહેલાં જાણે કે શિક્ષણના વેપારીઓનું જ હિત જુએ છે. એના માટે વિદ્યાર્થીઓ તો રૂપિયા ખંખેરવાનું એક ઉત્તમ માધ્યમ છે.

કદાચ, મજાકમાં કહેલું માર્ક ટ્વેઈનનું આ વાક્ય આજે આપણા ગુજરાતમાં સાવ સાચું લાગે છે. એમણે કહેલું કે, ''શાળામાં ન જવાથી મારા શિક્ષણને સહેજ

પણ નુકસાન થયું નથી.'' આ વાત આપણને પણ એટલી જ લાગુ પડે છે. ક્યારેક તો થાય છે કે આપણી શાળાઓમાં નહીં ભણનારનું શિક્ષણ બચી જાય છે. આ વાત કદાચ ઘણાંને અસહ્ય હશે, છતાં સાચી છે એટલે એને અવગણવી યોગ્ય નથી. તમે જ વિચારી જુઓ, શાળામાં આપણું બાળક બે પૂંઠા બહારનું કશું નવું શીખે છે ખરું ? શાળામાંથી બહાર પડતું બાળક મગજમાં માત્ર માહિતીનો ડેટા ભરીને જ આવે છે. એ માણસમાંથી 'મશીન'થઈ ગયું છે. જેટલું પૂર્યું છે તેટલું જ ચાલવાનું.

આજના શિક્ષણે એની કલ્પનાઓ, બાળસહજ કુતૂહલવૃત્તિ, નિર્દોષ તોફાનોને મારી નાંખ્યાં છે. એમને એકદમ 'મોટાં' બનાવી દીધાં છે. કદાચ, એટલે જ ગુનાખોરી અને સામાજિક બિભત્સતા વધી છે.

**"શાળા, શાળાની દીવાલો, અરે દીવાલની ઈંટો પણ સુશોભિત કરાઈ રહી છે. પણ એના સાચા દેવ, વિદ્યાર્થીને તો ધ્યાનમાં લેવામાં આવતો નથી.''**

સરકારી માણસ નથી એટલે નવા વિચારોનું મહત્ત્વ નથી. છતાં, કોઈ સમજદાર ને કેળવણીને જીવનારને યોગ્ય લાગશે તો શબ્દો વેર્યાનું સાર્થક ગણાશે.

ખરેખર, શિક્ષણનો હેતુ એક ઉમદા માણસને ઘડવાનો હોવો જોઈએ. શાળામાં ચારિત્ર્યવાન અને નિષ્ઠાવાન શિક્ષકોના હાથે વિશ્વસમાજનું ઘડતર થવું જોઈએ. વેદ-ઉપનિષદ્‌ના આદર્શોને જીવંત કરવા હોય તો આજની શિક્ષણ પદ્ધતિ સમૂળગી બદલવી જ પડશે. શિક્ષણને સરકાર પાસેથી લઈ કોઈ માનવતાપ્રિય સજ્જનને આદરપૂર્વક સોંપી દેવું જોઈએ. શિક્ષણ પરીક્ષા, પદવી અને પ્રમાણપત્રની કેદમાંથી મુક્ત થવું જોઈએ.

આજે શાળાનું એકમાત્ર કામ દાખલ થનારને માર્કશીટનું વિતરણ કરવાનું હોય એવું સ્પષ્ટપણે જણાઈ રહ્યું છે. ગંધાઈ ઉઠેલા સરોવરમાં નવા પાણીનાં પ્રવેશપૂર્વે જૂનાં પાણી ખાલી કરવાં પણ ખૂબ જરૂરી છે. બાકી, નવું પાણી પણ જૂનાની સાથે ભળી ગંદકીમાં માત્ર વધારો જ કરશે.

સૌ પ્રથમ તો આજનું શિક્ષણ એની ચવાઈ ગયેલી પરીક્ષા પદ્ધતિમાં બહુ મોટો સુધારો માગે છે. એમાંય વર્તમાન પદ્ધતિ જ્યારે 'ભોપા સિસ્ટમનું' ષડયંત્ર સમી ખુલ્લી થઈ ગઈ છે ત્યારે તો નિર્વિવાદ. આજનું બાળક ભણીને અભણ બની રહ્યું છે ત્યારે આ શંકા જરાય અસ્થાને નથી.

આપણી આજની પરીક્ષા પદ્ધતિ તો માત્ર વિદ્યાર્થીની સ્મરણશક્તિની કસોટી છે. આખા વર્ષ દરમિયાન મગજમાં ભરેલી માહિતીને પરીક્ષાનાં ત્રણ કલાકમાં કાગળ પર ઓકી નાંખવાનું બધું. જે વધુ ઓકે તે વધુ હોશિયાર. ભૌતિકતાથી ભરાઈ ગયેલ શિક્ષણની તૂટ આપણને દેખાતી નથી.

આપણું આજનું શાળાકીય મૂલ્યાંકન ત્રણ કલાકની પરીક્ષામાં પૂરું થઈ જાય છે, એને બદલે એને બે વિભાગમાં વહેંચી દેવું જોઈએ.

(૧) શાળાની અંદરનું શૈક્ષણિક મૂલ્યાંકન

(૨) શાળા બહારનું વ્યવહારિક મૂલ્યાંકન

**(૧) શાળાની અંદરનું શૈક્ષણિક મૂલ્યાંકન :-**

અત્યારે આપણી શાળાઓમાં શિક્ષક દ્વારા જે કાંઈ મૂલ્યાંકન થઈ રહ્યું છે તો માત્ર અને માત્ર વળગી રહી પરીક્ષાઓ લેવાય છે અને બાળકની તેજસ્વિતાનું માપ લેવાય છે.

સૌ પ્રથમ તો આ પરંપરા પર આધારિત પદ્ધતિને અટકાવવી અત્યંત જરૂરી છે અને આ માટે તો સૌ પ્રથમ પાઠ્યપુસ્તક નાબૂદી આવશ્યક છે. આપણને થાય કે ભાઈ, પુસ્તક વિના ભણાય ખરું ? પાઠ્યપુસ્તક વગર તો વિદ્યાર્થીનું મૂલ્યાંકન કેવી રીતે કરવું ? વાત તો સાચી છે. ભણનારનું મૂલ્યાંકન તો થવું જ જોઈએ. પણ કાંઈક નોખી રીતે થાય તો શો વાંધો છે ?

આ માટે સમજદાર (!) સરકારે છેક પહેલાં ધોરણથી જ નવું આયોજન કરવું જોઈએ. આ માટે પહેલાં, ... એમ બધા જ ધોરણ માટે વિષય મુજબ તજજ્ઞોની ટીમ બનાવવી જોઈએ. (કોઈ પણ જાતની લાગવગ વિના. માત્ર એની આવડતને જ ધ્યાને લઈ) અને આ ટીમ તેના વિષયનો સાવ ટૂંકો અભ્યાસક્રમ એક કાગળ પર તૈયાર કરે. જેમાં કૃતિ, સંદર્ભ વગેરે દર્શાવે અને સાથે એને શીખવવાની રીત પણ. પછી આ કોપી સત્રારંભે દરેક શાળાને મોકલી આપે. આ અભ્યાસક્રમ પછીની બધી જવાબદારી જે તે વિષયના શિક્ષકની. શિક્ષક મૂળ કૃતિ મેળવવા માટે ગ્રંથાલયમાં જશે. નોટ્સ બનાવશે. આવું વિદ્યાર્થી પક્ષે પણ થશે તો સામે પક્ષે ગાઈડો જેવું સાહિત્ય બિનઉપયોગી બની જશે. ટ્યૂશનની બદી પણ અટકી જશે.

હા, આવો સીમિત દસ એકમથી ઓછો અભ્યાસક્રમ દર વર્ષે નવો તૈયાર કરવો અત્યંત જરૂરી છે.

આ અભ્યાસક્રમની પરીક્ષા પણ અલગ રીતે જ લેવાવી જોઈએ. પરીક્ષાખંડ વિના પણ વિદ્યાર્થી પરીક્ષા આપે એવું આયોજન થવું જોઈએ. કેમ કે, ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ બનાવવો છે તો તજજ્ઞો માત્ર ધૂમકેતુની 'પોસ્ટઑફિસ'નું નામ માત્ર સૂચવે. પરીક્ષામાં આવી એકાદી વાર્તાનું રસદર્શન વિદ્યાર્થી પાસે કરાવવું. શાળામાં કે ઘરે. ગુજરાતીમાં છેક બાર ધોરણ ભણનારને એક નાનકડું મૌલિક વાક્ય પણ લખતાં ન આવડે તે યોગ્ય નથી. આવું પ્રત્યેક વિષયમાં થવું જોઈએ. હા, શાળાનું આવું મૂલ્યાંકન કુલ ગુણાંકના ૫૦ ટકા જ હોવું જોઈએ. આ તો ફક્ત વિદ્યાર્થીના શીખ્યાની કસોટી માત્ર છે. પ્રથમ સત્રનો અભ્યાસક્રમ અને મૂલ્યાંકન છે.

શક્ય છે કે, શિક્ષકને એકનું એક ભણાવવાના કંટાળાજનક કાર્યમાંથી છૂટકારો મળશે. નવું જાણવા મળશે. ઉત્સાહ વધશે તો વિદ્યાર્થીને ઓછું ભણવાનું છે એવો મનોવૈજ્ઞાનિક ભાવ જાગશે.

**(૨) શાળા બહારનું વ્યવહારિક મૂલ્યાંકન :-**

આ મૂલ્યાંકન વિદ્યાર્થીની સમજણની કસોટી છે અને તે બીજા સત્રમાં અમલમાં મૂકવો.

વિદ્વાન તજજ્ઞશ્રીઓએ ફરી એકવાર એક કાગળ પર, કક્ષાને અનુરૂપ અભ્યાસક્રમ તૈયાર કરવો. આ અભ્યાસક્રમનું મૂલ્યાંકન શાળા બહાર સમાજમાં કે વિભિન્ન પરિસ્થિતિમાં કરવાનું છે. જેમ કે, ગુજરાતી ભાષાના સંદર્ભે એવો અભ્યાસક્રમ છે કે જેમાં 'કચ્છી બોલીનો અભ્યાસ' છે. આ માટે બાળકોને કચ્છ લઈ જવા જરૂરી છે. આ માટેની બધી વ્યવસ્થા સરકારશ્રીએ કરવી જોઈએ અને પછીનું શિક્ષણ શાળા અને શિક્ષકો પર છોડવું જોઈએ.

બીજા સત્રનો અભ્યાસક્રમ તાલુકા અથવા જિલ્લાવાર તૈયાર થાય એ વધારે ઇચ્છનીય છે. આનાથી તૂટતી સામાજિકતા બચાવી શકાશે. વળી, મૂલ્યાંકન વિદ્યાર્થીના અનુકૂલન, આવડત અને કૌશલ્યને આધારે કરી શકાય, શિક્ષણ જીવંત અને અસરકારક બનશે. આ માટે શિક્ષણાધિકારીએ પ્રત્યેક શાળાને બહાર

રહેવાનો માશ ફાળવી દેવો જોઈએ. હા, આ રીતે બહાર રહેવાની વાત આવે એટલે કંઈ-કેટલાય સવાલો થવાના. અથવા તો ઊભા કરવામાં આવશે. પરંતુ વિદ્યાર્થીને અહીં શાળા બહાર લઈ જવાનો છે, ગામ, તાલુકા કે જિલ્લા બહાર નહીં અહીં, શિક્ષણકાર્ય વર્ગ બહાર કરવાનું છે. પછી ભલે એ ગામમાં જ કેમ ન થાય ? અને સૌથી મહત્ત્વનું તો એ છે કે આ બન્ને ભાગનું શિક્ષણ શાળા તેમજ શાળા સંકુલને પોતાની અનુકૂળતા મુજબ લેવાની સ્વતંત્રતા હોવી જોઈએ.

અને પછી શાળા બહાર શીખેલું શાળામાં દર્શાવવું ગુજરાતી વગેરે ભાષાઓ શીખનાર કલા રજૂ કરે, વિજ્ઞાન શીખનાર શાળાના વિજ્ઞાન મેળામાં પોતાની કૃતિ રજૂ કરે. આમ, સંશોધનવૃત્તિ પેદા થશે. તેમજ દેશને સારા સંશોધકો મળશે. શક્ય છે કે શાળાનું આ દ્વિતીય સત્ર પ્રવૃત્તિમય બની રહે. અને શિક્ષકો માટે મૂલ્યાકંનનો તબક્કો. વિદ્યાર્થી, શિક્ષક શાળા અને સમાજ જીવંત થઈ ઊઠશે.

આ ઉપરાંત -

(૧) શ્રેષ્ઠ શિક્ષકોનો સદ્ઉપયોગ કરવો પણ અત્યંત જરૂરી છે. દર વર્ષે શ્રેષ્ઠ શિક્ષકોને મોટા સમારંભમાં સન્માવવામાં આવે છે. પુરસ્કૃત કરવામાં આવે છે. આ એક ખૂબ સારી પરંપરા છે. પણ પછી શું? ઍવોર્ડ આપી દીધાં પછી કામ પુરું થઈ જતું નથી. ખરેખર તો સાચું કામ હવે પછી શરૂ થાય છે. આવા શ્રેષ્ઠ શિક્ષકોને તાલુકાની છેવાડાની શાળા સુધી લંબાવો. એમને શાળાઓ દત્તક આપો. નવા પ્રયોગની સંપૂર્ણ સ્વતંત્રતા આપો. આમ કરવાથી શિક્ષણને નવા વિચારો મળશે અને સાથે ‘શ્રેષ્ઠ શિક્ષક’ની યોગ્યતા પણ મપાઈ જશે. કેમ ખરું ને ?

(૨) આપણી શાળામાં એક જ શિક્ષક આખું વર્ષ વિદ્યાર્થી સામે રજૂ થાય છે. અહીં, નવીનતા લાવવા ‘મહેમાન શિક્ષક’ નો પ્રયોગ કરવો જોઈએ.

સરકારે તાલુકા કક્ષાએ કે પાંચ-છ શાળાના વિષય પારંગત શિક્ષકોને પસંદ કરવા જોઈએ. આવા પસંદ થયેલા શિક્ષકોને આસપાસની શાળામાં એકાદ એકમનું શિક્ષણકાર્ય સોંપવું જોઈએ. આથી શિક્ષકને નવા વિદ્યાર્થી અને વિદ્યાર્થીને નવા શિક્ષક મળશે. શિક્ષણ રસપ્રદ બનશે. આ પ્રયોગ કરવા જેવો ખરો.

(૩) આજે શિક્ષણને રસપ્રદ બનાવવાની સાથે મૂલ્યયુક્ત બનાવવાની પણ આવશ્યકતા છે. વળી, મૂલ્યશિક્ષણ તો આજના સમયે અનિવાર્ય બની ગયું છે અને આ માટે વાર્તાથી ઉત્તમ ઉપાય બીજો કયો હોઈ શકે ? વાર્તા જ એવું અસરકારક શસ્ત્ર છે, જેનાથી સમાજમાં પુનઃ નૈતિકતા ઉગાડી શકાય.

દરેક શાળામાં વાર્તાનો વગ બનાવવો જોઈએ અને એ માટે વાર્તાશિક્ષકની નવી નિમણૂક કરવી જોઈએ. આનાથી બાળકમાં ચારિત્ર્ય, સદ્‌ગુણ આપોઆપ વિકસશે. જે કામ હજારો પુસ્તકો નથી કરી શકતાં તે કામ એક નાનકડી વાર્તા કરી દેશે. આજના બગડી રહેલા સમાજને 'વાર્તાવર્ગ'ની વિશેષ જરૂર છે. વાર્તાશિક્ષણ એ જ સંસ્કાર શિક્ષણ છે.

(૪) સરકારને ખરેખર જો શિક્ષણની અને વિદ્યાર્થીની સાચી ચિંતા હોય તો પ્રત્યેક શાળામાં સપ્તાહમાં એક દિવસ 'દફ્તર ફ્રી દિવસ' રાખવો જોઈએ. એ દિવસ એવો કે, જ્યાં વિદ્યાર્થી માત્ર હાથ-પગ ને હૈયું લઈ શાળાએ આવે. ના પુસ્તક, ના નોટબુક, ના કંપાસ, ના ગૃહકાર્ય અને ના લખવાનું કે ના ભણવાનું, ગુણવાનું, ફક્ત ને ફક્ત રમવાનું ને શીખવાનું. આખો દિવસ પ્રવૃત્તિમય બની રહેવો જોઈએ. શક્ય હોય તો એ દિવસને બે ભાગમાં વહેંચી નાંખવો, શરૂઆતમાં વર્ગ અને પછી મેદાન. પ્રથમ વર્ગમાં, એટલે વિદ્યાર્થીને કાગળ, કાતર, ગુંદર આપી દેવાના. એ દોરે, કાપે કે ચોંટાડે એને બધી છૂટ. હા, શિક્ષકનું માર્ગદર્શન મળવું જોઈએ. દર સપ્તાહે એને એક કળાનો પરિચય થાય તે ખૂબ જરૂરી છે. માધ્યમિક કક્ષાએ એને સુથારીકામ, લુહારીકામ કે જીવનોપયોગી કળા શીખવાડવામાં આવે તો એને જીવનમાં ઉપયોગી થશે. કદાચ પૂજ્ય, ગાંધીબાપુનું બુનિયાદી શિક્ષણ આ જ છે. બીજામાં, મેદાન એટલે બાગ કામ, રમતો, વર્ગ સુશોભન, શાળા સુશોભન વગેરે. શાળાનો બાગ વિદ્યાર્થી પાસે જ તૈયાર થાય તો એને પોતાપણું લાગશે. પછી ધરાઈને રમવા દો, પરસેવે રેબઝેબ થઈ જાય ત્યાં સુધી. આ છે એની ખરી કેળવણી. અરે, બાળકની શાળા અને શિક્ષણ પ્રત્યેની સૂગ દૂર થઈ જશે. એને શાળા ગમવા લાગશે. શિક્ષકો પાસેથી કંઈક શીખ્યાની ભાવના જાગશે. પુસ્તકના બે પૂઠાં વચ્ચેથી બહાર નીકળી ખરા કેળવણીના પ્રદેશમાં પ્રવેશશે.

"શિક્ષકના સમર્પણ વિના બધું અધૂરું. શિક્ષકને અંદરથી કંઈક નવું પીરસવાની ભાવના જાગવી જોઈએ."

અને હા, આ બધાની સાથે સમૂહ ભોજન તો ખરું જ. શિક્ષક અને વિદ્યાર્થી સાથે બેસી જમે એ ખૂબ જરૂરી છે. આનાથી એકમેકનો પ્રેમ વધશે. આત્મીયતા વધશે અને શિક્ષક બાળકની માનસિકતાને જાણી, સમજી શકશે. શિક્ષક અને વિદ્યાર્થી લાગણીથી જોડાશે. શિક્ષકને વિદ્યાર્થીનાં મનમાં ડોકિયું કરવાની તક મળશે. તો ઘરમાં લાગણીની ભૂખમાં ઝૂરતું બાળક શાળામાં તૃપ્તિનો ઓડકાર ખાશે. અરે, માત્ર વિદ્યાર્થીને જ નહીં, શિક્ષકને પણ કાર્યસંતોષ મળશે. શક્ય છે કે, આ દિવસે બાળક રિ-ચાર્જ થઈ જશે અને આવું રિ-ચાર્જ થયેલું બાળક આગામી દિવસોમાં મન દઈને ભણશે, શીખશે, આવું આનંદી બાળક જ જગતને નવા તંદુરસ્ત વિચારો આપી શકશે અને શક્ય છે કે, ક્યાંક એક નવો ગાંધી બુદ્ધ કે મહાવીર મળી જાય.

જો આવું થાય તો મજા પડી જાય... પણ આ તો 'જો અને તો'ની વાતો થઈને ! શિક્ષકના સંપૂર્ણ સમર્પણ વિના બધું અધૂરું. શિક્ષકને અંદરથી કંઈક નવું પીરસવાની ભાવના જાગવી જોઈએ. એ દિવસ શિક્ષકનું શિક્ષકત્વ જાગી ઊઠશે. એને પણ ભીતર ખુલ્લું કરવાની તક મળશે. શિક્ષક પણ રિચાર્જ થઈ જશે. પછીનું આખું અઠવાડિયું એ નવો નવો થઈ જશે. આ બધાની સફળતા માટે શિક્ષકનો ઉત્સાહ અને આચાર્યશ્રીનો આનંદ અતિ આવશ્યક છે. 'સરકારી કારકૂન' બની ગયેલા મનમાં આ વિચારો ઉગાડવા જરા મુશ્કેલ છે, પણ અશક્ય નથી. થોડી ધીરજ અને થોડી શ્રદ્ધા.

બાળકને અને શિક્ષણને જીવાડવા માટે એને આજની સાવ 'બોગસ' પદ્ધતિમાંથી મુકત કરવું અત્યંત જરૂરી છે. વૉટપ્રિય સરકાર આ કાર્ય કરી શકવા જરાય ઉત્સાહિત અને સક્ષમ પણ નથી. એને કરવું પડશે, બાળકનું અને કેળવણીનું હિત વિચારનાર સંનિષ્ઠ શિક્ષકોએ. બોલો, તમે તૈયાર છો ?

# મારો શૈક્ષણિક અનુભવ

**- હસમુખ બોરાણિયા**

ઈ. સ. ૧૯૭૮માં પ્રાથમિક શિક્ષક તરીકે જોડાયો. ગ્રામ્યકક્ષાએ નિમણૂક મળી. ગામડામાં ઉછેર એટલે કોઈ તકલીફ ના પડી. અગવડ વચ્ચે રહેવાનું, તમામ કામ હાથે કરવાનાં, એ પણ ના નડ્યું કારણ, હું પ્રાથમિક શિક્ષણથી માંડી પી.ટી.સી. સુધી સર્વોદય સંસ્થામાં ભણ્યો. પ્રાથમિક શિક્ષણ નઈ તાલીમમાં પૂર્ણ કર્યું. નઈ તાલીમના સિદ્ધાંતો મુજબ શિક્ષણ સાથે કેળવણી મળી. કામ, સ્વાવલંબન, નિષ્ઠા, ખંત, આ નૈતિક મૂલ્યો વિકસ્યાં

હું જે ગામમાં નિમણૂક પામ્યો તે શાળામાં ભૌતિક સુવિધાઓ નહીંવત્. પણ અસુવિધા વચ્ચે મેં શિક્ષણ કાર્ય આરંભ્યું. વેસ્ટમાંથી બેસ્ટ બનાવતાં શીખવ્યું. કોઈ ખર્ચ નહીં. બૉક્સનાં ખોખાં, લખોટી, બંગડી, ચાંલ્લાનો ઉપયોગ કરી શૈક્ષણિક સાધનો બનાવ્યાં. બાળકો ખુશ ! વાલીઓ ખુશ ! મારી ખુશી તો અપાર હોય જ ને?

વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓ પિછાણીને તેના રસ-રુચિ મુજબ કાર્યો આરંભ્યાં. એક વિદ્યાર્થી ખૂબ હોશિયાર ! પણ આત્મવિશ્વાસનો અભાવ ! ધો. ૫ ની શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તૈયાર કર્યો.

વિદ્યાર્થીનો એક જ પ્રશ્ન 'હું નાપાસ થઈશ' હું કહેતો, કેમ ? તું તો હોશિયાર છે ને ? તો કહે, 'બહારગામ પરીક્ષા આપવા જવાનું ત્યાં મને કોણ ઓળખે ? 'તને કોઈ ન ઓળખે એ ખરું તારે તો તારા જ્ઞાનની ઓળખ કરાવવાની છે.' મારો ઉત્તર.

આત્મવિશ્વાસ સાથે તૈયાર કર્યો. તાલુકા મથકે પરીક્ષા અપાવવા વાલી તરીકે હું સાથે ગયો ને વિદ્યાર્થી ઉત્તીર્ણ થયો. નવદોય પરીક્ષા માટે તે તૈયાર ન થયો, કારણ, વાલીએ અસંમતિ દર્શાવેલી. પાસ થાય તો બહારગામ ભણવા જવા દેવાની તૈયારી નહોતી. ''

મારો હેતુ વિદ્યાર્થીઓ જાહેર પરીક્ષાનો અનુભવ મેળવે તે હતો. છતાં મારી

હાર થઈ. પણ હારમાં મારી જીત હતી કે, એ વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ પ્રગટી ચૂક્યો હતો.

સ્વચ્છતા બાબતે હું હંમેશાં જાગ્રત રહેતો. શાળામાં ક્યાંય કચરો પડ્યો હોય તો બાળકોને એ બાબતે ઉપદેશ ન આપતાં, હું મેદાનમાંથી કચરો ઉઠાવી ને કચરાપેટીમાં નાખી દેતો, બાળકો એ જોતાં ને એ મુજબ વર્તવા લાગ્યાં. આમ શિખામણને બદલે પાલન કરીને બધાંને કાર્યમાં જોડતો.

રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી વખતે સાંસ્કૃતિક કાર્યક્રમો ન થતા. મેં એ શરૂઆત કરાવી. શિક્ષિકા બહેનોને રાસ-ગરબા તૈયાર કરાવવાની સૂચના આપી. બહેનોએ ફરિયાદ કરી, ‘‘ગામમાંથી ફરિયાદ આવશે. રાસ-ગરબા માટે ડ્રેસ નહીં મળે. મોટી બબાલ થશે. ’’મેં ટૂંકો ઉત્તર આપ્યો. : હું સંભાળી લઈશ. ’ પછી તો વિદ્યાર્થિનીઓ ઉત્સાહપૂર્વક ડ્રેસ શોધવા માંડી.

એક દિવસ એક વાલી શાળામાં પ્રવેશ્યા. સ્ટાફને થયું. ‘હવે સાહેબનું આવી બન્યું ! હમણાં બબાલ થશે. ’ વાલી મારી પાસે આવ્યા. મેં પ્રેમથી બેસાડ્યા, બોલ્યા, ‘‘સાહેબ, તમે તો ચમત્કાર કર્યો. અમારાં બાળકોને આવા સરસ કાર્યક્રમમાં તૈયાર કરો છો. મારા ઘેર આવો ડ્રેસ ન હતો. તો બાજુના ગામમાંથી અમારા સંબંધીને ત્યાંથી લઈ આવ્યો. આ જુઓ ! ડ્રેસ બતાવતા વાલી બોલ્યા, ‘તમે આટલું કરો તો અમારાથી બનતું અમારે તો કરવું પડે ને ?’ વાલી સંતોષ સાથે બોલ્યા.

ગિજુભાઈ બધેકાનાં પુસ્તકો વિદ્યાર્થી જીવનથી વાંચેલા એમના વિચારોનો પ્રભાવ ખરો ! બાળકોને મેં શારીરિક, માનસિક, શાબ્દિક અપમાનીત કર્યા નથી. માર્યા નથી, પણ પ્રેમથી જીત્યા, શિસ્ત પણ પળાવી.

મારા ગુરુજી ગરીબ બાળકોને મદદ કરતા, પેન પેન્સિલ, નોટબુક અપાવતા. ગુરુજીના આ ગુણો મારામાં વિકસ્યા. હું પણ મદદ કરતો.

હા, મારા શૈક્ષણિક કાર્ય દરમિયાન ક્યારેક નિરુત્સાહી થતો પણ પાછો કામમાં લાગી જતો. ઉત્સાહપૂર્વક, સંતોષ સાથે શૈક્ષણિક કાર્ય કર્યું.

# સદ્‌વિચાર પરિવાર સંચાલિત
# શ્રીમતી સવિતાબહેન હસમુખલાલ શાહ
# કૌશલ્ય નિર્માણ કેન્દ્ર

ગ્રામ્ય/શહેરી વિસ્તારની બેરોજગાર ૧૮-૩૮ વર્ષની યુવક/યુવતી માટે ઉત્તમ તક
આપ નોકરી કે ધંધા માટેની શોધમાં છો ? શું આપ બેરોજગાર છો ? ઓછું ભણેલાં છો ?
જો ઉપરના પ્રશ્નોના જવાબ 'હા' માં છે તો
કૌશલ્ય નિર્માણના કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરી સરકાર માન્ય સર્ટિફિકેટ મેળવો અને
સ્વરોજગારી દ્વારા આવક ઉભી કરો.
રોજગારલક્ષી કોર્સમાં નજીવી ફી સાથે 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ મળશે.
સદ્‌વિચાર પરિવાર છેલ્લાં ૬૦ વર્ષથી તાલીમ સહિત સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે.

| ક્રમ. | કોર્સનું નામ | ફી (રૂા.) | સમયગાળો | પાત્રતા |
|---|---|---|---|---|
| ૧. | ઈન્ડ્સ્ટ્રિયલ સીવણ - ગારમેન્ટ મેકિંગ | ૧,૫૦૦/- | ૩ મહિના | ધો.૭ પાસ |
| ૨. | બ્યૂટીપાર્લર અને બ્રાઈડલ મેકઅપ | ૨,૦૦૦/- | ૩ મહિના | ધો.૮ પાસ |
| ૩. | ઈવેન્ટ કેટરીંગ અને બેકરી | ૨,૦૦૦/- | ૨ મહિના | ધો.૮ પાસ |
| ૪. | કમ્પ્યૂટર બેઝીક કોર્સ (CCC) | ૨,૦૦૦/- | ૪૫ દિવસ | ધો.૮ પાસ |
| | ટેલી પ્રાઈમ | ૨,૦૦૦/- | ૪૫ દિવસ | ધો.૧૦ પાસ |
| ૫. | એરકન્ડિશનર અને રેફ્રિજરેટર રીપેરીંગ | ૨,૦૦૦/- | ૪ મહિના | ધો. ૮ પાસ |
| ૬. | કન્ઝ્યુમર સર્વિસીઝ અને રીટેઈલીંગ | ૧,૫૦૦/- | ૨ મહિના | ધો.૧૨ પાસ |
| ૭. | ઈલેક્ટ્રીક વાયરિંગ | ૨,૫૦૦/- | ૩ મહિના | ધો. ૮ પાસ |

**વિશેષતાઓ :**
- નિયમિતતા, સમયપાલન અને મહેનતનો આગ્રહ રહેશે.
- ૧૮ થી ૩૮ વર્ષના યુવક/યુવતી પ્રવેશ મેળવી શકશે.

**અરજીપત્રક સાથે જરૂરી પુરાવા :**
- આધારકાર્ડની ઝેરોક્સ
- માર્કશીટની ઝેરોક્સ
- બે પાસપોર્ટ સાઈઝના ફોટા

**અરજી આપવા માટે અને માહિતી મેળવવા માટે તથા તાલીમનું સ્થળ :**

**સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર**
અડાલજ ક્રોસ રોડ, મુ.પો. ઉંવારસદ, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪
સંપર્ક : શ્રી જગદીશ સોલંકી Mo. 8154981367 (Director Admin)
Email : spskill.uvarsad@gmail.com

वसुधैव कुटुम्बकम्।

सद्विचार परिवार



સદ્‌વિચાર પરિવાર સેવા સદન, રામદેવનગર, સેટેલાઈટ (અમદાવાદ)



સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ (ગાંધીનગર)



સદ્‌વિચાર પરિવાર નરોડા સંકુલ (અમદાવાદ)

www.printvision.in
+91 98250 26302